
Vol.14 - Issue 12
December 2021
Price 12/-






આણંદમાં નશાબંધી પ્રચાર કાર્યક્રમમાં MLA ભ્રાતા મિતેશભાઈ પટેલ, કલેક્ટર ભ્રાતા મનોજ દક્ષિણી IAS, TDO ભ્રાતા બી.જી. પ્રજાપતિ, કામધેનુ યુનિવર્સિટીના VC ભ્રાતા એન.એચ. કેલાવાલા.



કેવડીયામાં ગુજરાત વન વિભાગના અધિકારીઓના કાર્યક્રમમાં બ્ર.કુ. ભગવાનભાઈ, મુખ્ય વન સંરક્ષક ભ્રાતા ચિતરંજન સોનવને, નર્મદા-ભરૂચ જીલ્લા વન અધિકારી ભ્રાતા ડૉ. શશીકુમાર.



પોરબંદર ખાતે દિવાળી પ્રસંગે મહાલક્ષ્મીની ઝાંખીમાં પધારેલ ડૉ. ચેતનાબેન તથા ગણમાન્ય મહિલાઓ સાથે બ્ર.કુ. ગીતાબેન.



સોનગઢ ફોર્ટના નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા તાપુભાઈ ભરવાડને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. અરૂણાબેન.



માધવપુર સેવાકેન્દ્રની મુલાકાતે પધારેલ પોરબંદર જીલ્લા સીટીસર્વે સુપ્રિટેન્ડન્ટ ભ્રાતા મુકેશભાઈ ગોસાઈને ઈશ્વરીય સાહિત્ય આપતાં બ્ર.કુ. કમલબેન સાથે બ્ર.કુ. ગીતાબેન.




મરોલી ખાતે નવરાત્રીમાં દેવીઓની ઝાંખીમાં પધારેલ નેશનલ પ્રેસીડેન્ટ બુધ્ધિસ્ટ કુંગ ફૂ ફેડરેશન ઑફ ઈન્ડીયા, તાલુકા પંચાયતના પ્રમુખ મનીષાબેનને ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. મુકેશભાઈ.




શહેરામાં 'વિશ્વ અન્ન દિવસ' તથા 'વિશ્વ મહિલા કિસાન દિન'ના રોજ કિસાન જાગૃતિ કાર્યક્રમમાં બ્ર.કુ. રતનબેન, બ્ર.કુ. જયાબેન.



ભૂજમાં 'વિશ્વ શાંતિ દિને' ઈનરવ્હીલ ક્લબના પ્રમુખ કલ્પનાબેન, સેક્રેટરી નીતાબેન તથા સભ્યો બ્ર.કુ.રીનાબેનનું સન્માન કરતાં.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૪ ડિસેમ્બર-૨૦૨૧ અંક : ૧૨

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- ત્રીજા નેત્રની પ્રસાદી ........................તંત્રી સ્થાનેથી ..04
- 'જ્ઞાનામૃત' માસિક આભાર અને અપેક્ષા ....................05
- અમૃતધારા ................................દાદી જાનકીજી ..07
- ધન કમાઓ પરંતુ કેવી રીતે? .........બ્ર.કુ. જગદીશચંદ્ર ..08
- પ્રસન્નતાના પથ પર ..................બ્ર.કુ. શિવાનીબેન ..14
- અહંભાવનો ત્યાગ - સૂક્ષ્મ તપસ્યા ........બ્ર.કુ. સૂર્યભાઈ ..15
- બહેતર જીવન ................................બ્ર.કુ. મધુબેન ..20
- સર્વ સંબંધોની મીઠી સેકરીન ............બ્ર.કુ. હેમંતભાઈ ..22
- ખુશી ..........................................બ્ર.કુ. જડીબેન ..25
- દિવ્યદર્શન ..............................બ્ર.કુ. નંદિનીબેન ..26
- નાતાલ - ખ્રિસ્તીઓનો મહાન પર્વ .....બ્ર.કુ.પ્રો. ચંદ્રવદન ..28
- કુશળ પ્રશાસન માટે નૈતિક મૂલ્ય .........બ્ર.કુ. નેહાબેન ..31
- પ્રસંગ પરિમલ ...............................................33



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ નોંધ -:-**

જાન્યુઆરી-૨૦૨૨થી જ્ઞાનામૃતનું નવું વર્ષ શરૂ થશે, જેથી સર્વ નિમિત ટીચર્સ બહેનો, બ્રહ્માકુમાર ભાઈ-બહેનો તથા પ્રિય વાંચકોને ૧૦ ડિસેમ્બર,૨૦૨૧ સુધીમાં મેમ્બરશીપ રીન્યુ કરાવી નામ નોંધાવી દેવા વિનંતી.
હવેથી જ્ઞાનામૃતના કારોબાર માટે નીચે જણાવેલ બેંકના નવા ખાતાનો ઉપયોગ કરશો.

**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **3290100041261**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch** IFSC Code : **BARB0GITAMA**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# ત્રીજા નેત્રની પ્રસાદી

આધ્યાત્મિક જીવન પૂરી નિષ્ઠા, ધ્યેયલક્ષી, પરમાત્મામાં પૂર્ણ શ્રધ્ધા અને સમર્પણભાવથી જીવવામાં આવે તો તેનાથી થનારી પ્રાપ્તિઓ અદ્‌ભુત, દિવ્યાનંદ સભર અને અવર્ણનીય હોય છે ! શાસ્ત્રો જેને છઠ્ઠી ઈન્દ્રિયની દિવ્યશક્તિ તરીકે બિરદાવે છે. તેને બ્રહ્માવત્સો ત્રીજાનેત્રની પ્રસાદી તરીકે મૂલવે છે. જેઓ ધારણાની સૂક્ષ્મતામાં જઈને યોગીજીવનની સર્વ મર્યાદાઓનું ગહન, તલસ્પર્શી, સાંગોપાંગ પાલન કરે છે. તેની કુંડલિની જાગૃત થવાની ઘટના પણ કહી શકાય.

**પવિત્રતાની સૂક્ષ્મ, ગહન અને સંપૂર્ણ પ્રભાવશાળી ધારણા દિવ્યગુણો ભિન્ન ભિન્ન કલાઓ અને વિશેષતાઓના સંવર્ધનમાં પ્રેરણારૂપ બને છે.** આંતરવિશ્વ સમૃદ્ધ થતું જાય છે એવી અનુભૂતિ આત્મા કરે છે. ક્યારેક તો એવો જાદુઈ અનુભવ થાય છે કે આ ગુણો અને શક્તિઓનો વિકાસ એ માત્ર મારા પુરુષાર્થનું જ ફળ નથી પણ દિવ્યચેતનાનું વરદાન છે એવી અનુભૂતિ થાય છે.

બાબા કહે છે કે એક આંખમાં મુક્તિ અને બીજી આંખમાં જીવનમુક્તિ. બ્રહ્માવત્સોનો વિશાળ સમુદાય જ્ઞાન યોગ દ્વારા આ વાતની અનુભૂતિ કરી જીવનને જ્ઞાન રત્નો અને યોગ કવચથી શક્તિશાળી બનાવે છે. સેના યુદ્ધ લડે છે, જીતે છે પણ તેના યશના અધિકારી સેનાની સાથે સેનાપતિઓ, ઉચ્ચ પદવીધારીઓ બને છે. આવી વિશિષ્ટ પ્રતિભાઓ ઉલ્લેખનીય પ્રતિભાથી સંપન્ન હોય છે. તેમની કોઠાસૂઝ, આંતરસૂઝ, નિર્ણયશક્તિ, પરખશક્તિ પરિણામલક્ષી બને છે.

**જે સાધકો ઘણાં વર્ષોથી રાજયોગની સાધનાના પથ પર અગ્રેસર છે. જેઓએ આદિ રત્નો - દાદીઓ, દીદીઓ, વરિષ્ઠ ભાઈઓની સઘન પાલના અને પથ પ્રદર્શન મેળવ્યાં છે, મેળવતા રહે છે. જેઓ યજ્ઞના ઝંઝાવાતી સમયમાં, વિપરીત પરિસ્થિતિઓમાં પણ પરમાત્માના એકબળ અને એક ભરોસા પર રહીને અચલ, અડોલ સ્થિતિમાં એકરસ થઈને જીવે છે. તેઓની દિવ્યશક્તિઓનો ગ્રાફ સતત ઊંચેને ઊંચે ગતિ કરતો જાય છે.**

**'પરમાત્મા કે ઘર દેર હૈ, અંધેર નહીં હૈ'** આ ન્યાયે જે આત્માઓ પોતાની સ્થિતિ અને અવસ્થાની પરિપક્વતાથી સુશોભિત બને છે. ગુણો અને વિશેષતાઓથી ભરપૂર બને છે. ડ્રામા જ તેમને યોગ્ય મંચ, સ્થાન આપી તેઓની પ્રત્યક્ષતા માટે નિમિત્ત બને છે. તેઓની વિશેષતાઓ અને યોગ્યતાઓ ગુપ્ત રહી શકતાં નથી.

અમૃતવેળા, સંધ્યાકાળના સમયે, ભઠ્ઠીઓ દરમિયાન કે સમય નક્કી કરી શાંત, એકાંત, વાતાવરણમાં યોગની ગહન અનુભૂતિ કરનાર સાધકો પોતાની અવસ્થાને દિવ્ય, પ્રભાવશાળી બનાવે છે. ભિન્ન ભિન્ન સાધકો અવનવી અનુભૂતિઓ દ્વારા ત્રીજા નેત્રની પ્રસાદી પામે છે યથા પુરુષાર્થ તથા પ્રાપ્તિના ન્યાયે અમૃતરસની અનુભૂતિ સાધકો કરે છે.

**ક્યારેક ભવિષ્યમાં બનનારી ઘટનાઓ સ્વપ્નરૂપે, અણસારરૂપે કે આંખો સમક્ષ આકાર પામે છે. તેમાંથી અગમચેતીરૂપે સાવધાની મળતી હોય છે.** જેમ બાબાની સાકારવાણીઓમાં, અવ્યક્તવાણીઓમાં આવનાર સમયના સંકેતો વર્ણવાતા હોય છે. યજ્ઞ તરફથી મળતા પત્રપુષ્પ, દિવ્યસંદેશાઓમાં પણ ત્રીજાનેત્રની પ્રસાદીરૂપે તે અભિવ્યક્ત થાય છે. બ્રહ્માવત્સોનો એ અનુભવ

છે કે આવું બધું બને છે ત્યારે બાબા પ્રત્યે અહોભાવ જન્મે છે. બાબાએ એડવાન્સમાં બ્રહ્માવત્સોને ઘણું બધું કહી દીધેલું છે જેથી આપણને નથીંગ ન્યુ નો અનુભવ થાય છે.

સેવાની ભિન્ન ભિન્ન યોજનાઓ, ભવનોના નિર્માણમાં, વિશિષ્ટ વ્યક્તિઓની સેવામાં ત્રીજા નેત્રની પ્રસાદી ફળદાયી બને છે ભિન્ન ભિન્ન આત્માઓ પોતાના જે હૃદયસ્પર્શી અનુભવો વર્ણવે છે તેમાં ત્રીજા નેત્રની પ્રસાદી જોવા મળે છે. **જ્યારે શક્તિ બહારનું ભગીરથકાર્ય થાય છે ત્યારે ત્રીજાનેત્રની પ્રસાદીને સમર્થન મળે છે.**

બાબા કહે છે કે દિલકી બાત દિલાવરકો કહો. સ્વયં પિતા પરમાત્મા આપણી વાતોને, અરમાનોને, અપેક્ષાઓને સાંભળતા હોય છે. વળી તેઓ ટચીંગ, કેચીંગ પાવર દ્વારા જે તે સમસ્યાઓનો ઉકેલ પણ આપતા હોય છે. મનસા સેવામાં પણ અદ્‌ભુત તાકાત છે. ત્યારે **ફરિયાદી બની સંઘર્ષોનાં, સમસ્યાઓનાં બીજ વાવવાં તે અધૂરા આધ્યાત્મિક પુરુષાર્થની ફલશ્રુતિ છે.**

એવા અનેક આત્માઓનો એ અનુભવ છે કે ઈશ્વરીય સંતાન બન્યા પહેલાં જે વિશેષતાઓ, યોગ્યતાઓ, કલાઓ સ્વયંમાં નહોતી. યા માત્ર અંકુર સ્વરૂપે જ હતી. બ્રહ્માવત્સ બન્યા પછી દિનોદિન એમાં વૃદ્ધિ થતી રહી. સમય જતાં એમાં ઉલ્લેખનીય પ્રગતિ થાય છે. આ જાદુ ત્રીજા નેત્રની પ્રસાદીનો છે. **જો તમે સ્વયં યોગ્ય બનશો, તો તમને તમારી યોગ્યતાનું ફળ અચૂક મળશે.**

ક્યારેક શ્રોતાગણમાં વિશિષ્ટ પ્રતિભાઓ, બુદ્ધિશાળી પ્રતિભાઓ હોય છે. તેની તુલનામાં વક્તા પ્રભાવશાળી હોતો નથી. પણ તેને સ્વયંમાં, પરમાત્મામાં અતૂટ નિશ્ચય છે. સ્વયંના આત્મ-વિશ્વાસ અને પરમાત્મા સાથેના બુદ્ધિયોગના જોડાણમાં શક્તિઓનો એવો સ્રોત વહે છે કે એજ વક્તાથી શ્રોતાઓ પ્રભાવિત થાય છે. વક્તાને પણ એ સમજાતું નથી કે વિચારોનો આ અદ્‌ભુત પ્રભાવશાળી પ્રવાહ ક્યાંથી આવ્યો ? જરૂર એ બાબાની કમાલ છે. ત્રીજા નેત્રની પ્રસાદી છે.

વર્ષોની એકરસ સાધનાના ફળસ્વરૂપે ટેલીપથીના ભિન્ન ભિન્ન અનુભવો થાય છે. જેને યાદ કરતા હોઈએ, જેને મળવા ઈચ્છતા હોઈએ, તે વ્યક્તિ આપણો સંપર્ક કરે, આપણને મળે ત્યારે આપણા વિચારો સામેના આત્માને સ્પર્શી જાય છે તેવો અનુભવ થાય છે. આપણા મુખમાંથી કોઈને બિરદાવતા, સિધ્ધિઓની સફળતા માટે વરદાની બોલ નીકળતા હોય છે તે સાકાર થતા હોય છે ત્યારે તેવા આત્માઓ આપણી સમક્ષ આવીને તે વર્ણવતા હોય છે. ત્યારે સ્વાભાવિક રીતે ત્રીજા નેત્રની પ્રસાદીના વરદાનનો અનુભવ થાય છે.

ભારતીય સંસ્કૃતિ વડીલો, મોટાઓ, નિમિત્ત આત્માઓ પ્રત્યે સન્માન, આદર આપવાનું શીખવે છે. જ્યારે આપણે દિલના પૂરા આદરથી તેઓ પ્રત્યે, નિમિત્ત આત્માઓ પ્રત્યે આદર અભિવ્યક્ત કરીએ છીએ ત્યારે તેઓના આશીર્વાદ સ્વાભાવિક રીતે આપણને મળે છે. આપણું પારદર્શી વ્યક્તિત્વ એ સંબંધોને મજબૂત બનાવે છે. એમાંથી શ્રધ્ધા અને વિશ્વાસ પ્રગટે છે. જે આપણને ભિન્ન ભિન્ન સેવાઓ માટે વરદાનરૂપ બને છે. તેઓને આપણા માટે વિશેષપ્રેમ પ્રગટે છે. તેઓના રાઈટહેન્ડ તરીકે આપણે સ્થાન બનાવી શકીએ છીએ. આ પણ ત્રીજા નેત્રની પ્રસાદી છે.

વિશેષ પુરુષાર્થના ફળસ્વરૂપે બાબા આપણી પ્રજ્ઞાને પ્રભાવશાળી બનાવે છે. જેથી વિશિષ્ટ સંજોગોમાં આપણી નિર્ણયશક્તિ, પરખશક્તિ અસરકારક બને છે. સાહિત્યસેવામાં આવેલી ભિન્ન ભિન્ન પરીક્ષાઓ વખતે બાબા સાથે જોડાયેલો બુદ્ધિયોગ સચોટ માર્ગદર્શન આપી સમસ્યાઓનું નિવારણ કરે છે. બાબા આપણી પ્રજ્ઞાને ટચ કરીને અદ્‌ભુત કાર્યો કરાવે છે.

**(અનુસંધાન પેજ નં. 07 પર)**

# 'જ્ઞાનામૃત' માસિક આભાર અને અપેક્ષા

1972ના જાન્યુઆરીથી નિયમિત રીતે પ્રકાશિત થતી **'જ્ઞાનામૃત'** પત્રિકાનું આ સળંગ 50મું વર્ષ પૂર્ણ થઈ 51મા વર્ષમાં પ્રવેશ કરશે. નવા રજીસ્ટ્રેશન મુજબ 15મું વર્ષ શરૂ થશે.

ઈશ્વરીય પરિવારની અને ગ્રાહકો, શુભેચ્છકોની મદદને કારણે **'જ્ઞાનામૃત'** નિયમિત રીતે પ્રકાશિત કરી શક્યા છીએ. કોરોનાને કારણે લોકડાઉન થતાં જ્ઞાનામૃત પ્રકાશિત કરી શક્યા નહોતા. પણ રાબેતા મુજબની પરસ્થિતિ થતાં હવે નિયમિત પ્રગટ થાય છે. તે માટે સૌને અભિનંદન.

કોરોનાની મહામારીને લીધે ઓનલાઈન જ્ઞાનામૃત મૂકતા હતા. પ્રેસ ચાલુ થતાં આજ સુધીના બધા અંકો પ્રગટ થયા છે.

**'જ્ઞાનામૃત'**ની વિકાસયાત્રામાં લેખકોએ પણ અમૂલ્ય ફાળો આપ્યો છે. વર્ષ દરમિયાન સહયોગ આપનાર લેખકોનો અમે હાર્દિક આભાર માનીએ છીએ. નવા વર્ષમાં આપ સૌનો ઉષ્માભર્યો સહયોગ મળશે એવી અપેક્ષા છે.

**'જ્ઞાનામૃત'**ના ગ્રાહકો નોંધવામાં સહયોગી બનનાર ઈશ્વરીય પરિવારના સભ્યો, શુભેચ્છકોનો પણ હાર્દિક આભાર માનીએ છીએ.

દીદીના અવ્યક્ત થયા બાદ **રાજયોગિની બ્ર.કુ. નેહાબેન** અમારા માટે પ્રેરણાસ્ત્રોત બન્યાં છે. એમનો નિરંતર સહયોગ અમને મળતો રહે છે. અમારા માટે ખુશીની વાત એ છે કે **બ્ર.કુ. નંદિનીબેને** અંકોની રવાનગી, તેનો હિસાબ વગેરે કાર્ય સફળતાપૂર્વક ઉપાડી લીધું છે. સાથે સાથે **'જ્ઞાનામૃત'**ની તસ્વીરોનું પ્રકાશન કરવાનું પણ તેઓ કરે છે. **બ્ર.કુ. નિકુંજભાઈ** ટાઈટલની ડિઝાઈન બનાવવાનું અને મુદ્રણકાર્ય કરવાનું કાર્ય સુંદર રીતે નિભાવ્યું છે. અંકો રવાના કરવા માટે **બ્ર.કુ. હેમંતભાઈ** અને ટીમના આભારી છીએ. **બ્ર.કુ. મીનળબેન મોદી** નિયમિત ટાઈપ સેટિંગ કરી આપે છે. નિયમિત રીતે **'જ્ઞાનામૃત'**નું પ્રીન્ટીંગ સમયસર કરી આપવા માટે શ્રીધર પ્રીન્ટર્સના પણ અમે આભારી છીએ.

## અપેક્ષા

**'જ્ઞાનામૃત'**ની ગ્રાહક સંખ્યા આપણે વધારવાની છે. ગુજરાતમાં સેવાકેન્દ્રો અને ગીતાપાઠશાળાઓ (ઈશ્વરીય જ્ઞાનની)માં વૃદ્ધિ થઈ છે. ગુજરાત બહાર ભારત અને વિદેશોમાં ગુજરાતી ભાષા જાણનાર પરિવારો છે. તો સૌના સહયોગ, દૃઢ મનોબળથી ગ્રાહક સંખ્યામાં નોંધપાત્ર વૃદ્ધિ થાય એવી અપેક્ષા છે. **'જ્ઞાનામૃત'**નું **લવાજમ યથાવત રહે છે.** આપ સૌના ઉષ્માભર્યા સહયોગની અપેક્ષા છે.

રાજયોગિની ભારતીદીદી
પ્રકાશક અને ડાયરેક્ટર, ગુજરાત ઝોન

બ્ર.કુ. કાલિદાસ
તંત્રી

## અમૃતધારા

# જીવનમુક્ત અવસ્થા એટલે સંબંધમાં બંધનોથી મુક્ત રહેવું

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



મનન કરવાથી બાબાની પ્રોપર્ટી મારી છે. એવો અનુભવ થશે. બાબાની પ્રોપર્ટીથી ખુશી મળશે, વારસો અર્થાત્ પ્રોપર્ટી પણ લાયક બનવાથી મળે છે. વારસામાં સૌથી પહેલું શું મળ્યું? મનનશક્તિથી આપણું ચિંતન ઘણું સારું ચાલશે નહીં તો ચિંતનમાં કદી અહીં તહીં જશે. મનન કરવાથી બાબાનું જે જ્ઞાન છે તે મનને બહુ સારું લાગે છે. દિલ અને મનનો ઘણો ગાઢ સંબંધ છે. દિલમાં કોઈ પ્રકારનું થોડું પણ દુ:ખ છે તો જ્ઞાન એટલું સારું નહીં લાગે. જ્ઞાન સાંભળવા છતાં તવાઈની માફક બુદ્ધિ અહીં તહીં ભટકે છે. મન તનમાં ના લાગી જાય, ધનમાં ના લાગી જાય, ક્યાંય સ્વભાવ સંસ્કારમાં ના લાગે. લોભ, ચોરી, ઠગી કરાવે છે. મોહ અંદરથી દુ:ખી કરે છે. ક્રોધ તો કોઈ અહીં કરી ના શકે, થોડા અવાજને આવેશમાં બોલી શકે છે. તો બોલવા ઉપર ધ્યાન આપો. કોઈ ગમે તેવું બોલે, મારી વાણીમાં પરિવર્તન ના આવે કારણ કે અવાજની દુનિયાથી પરે જવાનું છે. આ એવો ગુપ્ત સાચો પુરુષાર્થ હોય. નિરંતર પુરુષાર્થમાં કોઈપણ કારણથી ફરક પડે તો તો નુકસાન મને થયું.

પુરુષાર્થની સાથે સાથે એટલો પ્રેમ હોય કે જે કોઈપણ કારણથી ઓછો ના થાય. મનમનાભવનું મધ્યાજીભવ સાથે ગહન જોડાણ છે. મનમના-ભવથી એક તો બાબામાં મન લાગ્યું, પણ કરવાનું શું છે? તે મધ્યાજીભવથી થશે. બાપ મળ્યા, ઘર મળ્યું અર્થાત્ મનને ઠેકાણું મળ્યું. હિસાબ કિતાબ ના બનાવો. સંબંધમાં હોવા છતાં બંધનમુક્ત છે. આવી જીવનમુક્ત અવસ્થા હોય. બાબા જ્યારે ગમે ત્યાં સેવા કરાવે, એમાં બહુ તાકાત છે. એટલે કદી સેવા માટે ના નહીં કહેવું જોઈએ. આખો દિવસ કર્મ કરવા છતાં બાબાને એવા યાદ કરો જેથી બાબાથી એકસ્ટ્રા સકાશ મળે તો પછી તે કામ કરે છે, આ ઘણો મોટો ડીપ પુરુષાર્થ છે. લાંબા સમયની યાદ હોય કદી લીંક તૂટેલી ના હોય. કોઈપણ કારણથી આવી યાદમાં યાદ મળે છે. જે સ્વત: જ સકાશની લેણદેણ કરવામાં આવે છે. કોઈપણ પ્રકારની ડિફેક્ટ ના હોય. કોઈની પણ ડીફેટ જોવી. અને એ અનુસાર વ્યવહાર કરવો અર્થાત્ બાબાની આટલી બધી પ્રોપર્ટી મળી છે, એનાથી વંચિત રહેવું. યાદની ખેંચ જ નહીં હોય તો અનુભવ થશે નહીં. નિશ્ચયથી પુરુષાર્થ કરો તો વિજય મળવાનો જ છે. આપણને કદી સંશય આવી ના શકે, તો હાર પણ થઈ શકતી નથી.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 05નું અનુસંધાન)... તંત્રી સ્થાનેથી**

આ વિષય ઘણો ગહન અને વ્યાપક છે. અહીં માત્ર તેનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ છે. **સાધનાપથ એ પ્રયોગશાળા સમાન છે.** સાધનાપથનો યાત્રિક રાજયોગના ભિન્ન ભિન્ન પ્રયોગો દ્વારા પોતાની ચેતનાનો વિકાસ કરીને અદ્ભુત પરિણામો મેળવી શકે છે. તે માટે હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

**॥ ઓમશાંતિ ॥**

**- બ્ર.કુ. કાલિદાસ**

# ધન કમાઓ પરંતુ કેવી રીતે?

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



સંસારમાં સુખ સુવિધા માટે ધન આવશ્યક છે. એટલે ધન કમાઓ પરંતુ એવી રીતે ધન ન કમાઓ કે જેનાથી મનને સદા ચિંતા જ રહ્યા કરે. એવા ધનથી શું ફાયદો જેનાથી હૃદય રોગ અથવા રક્તચાપ (બી.પી.) વધતું જ રહે? યાદ રાખો કે ધન જીવન માટે છે - જીવન ધન માટે નથી. જે ધનથી ઊંઘ આવવી પણ મુશ્કેલ બની જાય એવું ધન કમાવવાથી શું સુખ? માટે જ જીવનમાં સંયમ, નિયમ અને વિધિ-વિધાન તથા આચાર વ્યવહારની ઉત્તમ મર્યાદાને સામે રાખીને ધન કમાઓ.

એવા ઉપાયથી પણ ધન ન કમાઓ કે જેમાં સદાય ભય લાગ્યા કરે. ભયમાં જીવવું એ કાંઈ જીવન છે? ભય સરકારનો હોય, ચોરનો હોય અથવા યમનો હોય - તો તે ભય કહેવાય. ભય તો તન અને મન બન્ને માટે હાનિકારક છે, આત્મ પીડાનું પણ આજ કારણ છે. ધન ખરેખર તો ખુશી આપવાવાળું હોવું જોઈએ. જ્યારે ભય તો કાંટાની શય્યાની જેમ છે, ના ના, પ્રાણ પર પહાડની જેમ છે. માટે જ ધન કમાઓ પરંતુ એવા પ્રયત્નોથી જેમાં સાથે ભય ન હો. જો ધન આવે ને સાથે ભયને પણ લાવે તો સમજી લેવું કે ક્યાંક કંઈક ભૂલ છે. ક્યાંક કંઈક નિયમોનો ભંગ છે. માટે જ તેને સુધારી નાખો. કદાચ એના પછી પણ ભય રહે તો પ્રભુની શરણમાં આવો. તેનાથી ભય ભાગી જશે.

વ્યાપાર અને ઉદ્યોગથી અર્થલાભ તો થવો જ જોઈએ. કોઈપણ વ્યવસાય કમાવવા માટે જ કરવામાં આવે છે માટે તેના લાભ ઉપર પણ આપણો અધિકાર હોવો જ જોઈએ અને ઉદ્યોગમાં તન તથા મનનો ઉપયોગ કરવા ઉપરાંત તેમાં પૈસા પણ રોકવામાં આવે છે, જોખમ પણ લેવામાં આવે છે. પહેલ પણ કરવામાં આવે છે અને વ્યવસાય તથા સૂઝને પણ એમાં વાપરવામાં આવે છે. માટે જ આમાં લાભની ચેષ્ટા વાપરવામાં આવે છે. પરંતુ યાદ રાખો કે ધન અથવા લાભ ત્રણ પ્રકારના હો છે. ઘણાં એવા ધંધા પણ હો છે કે જેમાં બીજાનું ભલું થાય, તેમને નુકસાન ન થાય અને સાથે સાથે આપણને પણ લાભ થાય તો આ ધન દૂધના જેવું છે. જેમ પૈસાને પણ આપણે દૂધથી ધોઈને લક્ષ્મીની પૂજામાં રાખીએ છીએ આ એવું જ પવિત્ર ધન છે કે આમાં તમારા મનમાં બીજાના પ્રત્યે પણ શુભ ભાવના અને શુભ કામના છે.

જો કે વ્યાપાર અને ઉદ્યોગની રીતિ નીતિ મોટે ભાગે તો વિધિવત્ત અને વ્યવસ્થિત હોય છે, પરંતુ એમાં ઘણી વખત લેણદેણ ન ઈચ્છવા છતાં પણ વ્યવહારની ઉત્તમતાથી નીચલા સ્તરની જોવા મળે છે. આ પ્રકારે પ્રાપ્ત થતું ધન પાણી મિશ્રિત દૂધની સમાન છે. આનાથી સુખ પણ એટલાં જ પ્રમાણમાં પ્રાપ્ત થશે.

જો કોઈનો ધંધો એવો હોય કે જેમાં બીજી વ્યક્તિ એવો અનુભવ કરે છે કે આ સોદો બરાબર નથી અને વળી તે મજબૂરીથી અથવા દુઃખી થઈને આ સોદો કરે તો તેની તે કમાણી તામસિક ગણાય. જેમાં સોદો કરવાવાળો પાછળથી પસ્તાતો હોય, અને તેના મનમાં લેશ માત્ર પણ દુઃખ પેદા થાય તો તે ધન સુખોત્પાદક નથી. માટે જો દુઃખથી બચવા ઈચ્છતા હોય અને સુખોત્પાદક ધનનું ઉપાર્જન

કરવા ઈચ્છતા હોય તો પહેલા જણાવેલા સિદ્ધાંતને સામે રાખો.

ધનથી મનુષ્યને ઘણા લાભ થાય છે. તે ખુશીની વાત છે. પરંતુ વધારે લાભ અથવા વધારે ધનનું અભિમાન તો નજ આવવું જોઈએ. વાસ્તવમાં વ્યાપાર અથવા ઉદ્યોગ ધન લાભ માટે કરવામાં આવે છે. અભિમાનની ઉત્પત્તિ માટે નહીં. અભિમાની મનુષ્ય તો બીજાની પાસે માન શાનની ભીખ માંગે છે. અભિમાની વ્યક્તિ સ્વયં પોતાને કંઈક ઊંચો સમજે છે. પરંતુ બીજા લોકોના મનમાં એના પ્રત્યે માન નથી હોતું. માટે ધન કમાઓ પરંતુ સાથે અભિમાનને તો ન જ આવવા દો. ધન એક શક્તિ છે. શક્તિ ગર્વ માટે નથી, ઉત્પાદન અથવા સેવાના માટે હોય છે. માટે જ ધનને સુખ અને સેવામાં લગાઓ. યાદ રાખો સંસારમાં એક એકથી ચડિયાતી ધનવાન વ્યક્તિઓ છે. ધન સદા કોઈની પાસે એકસમાન રહેતું પણ નથી માટે ધનનો ગર્વ મિથ્યા ગર્વ છે.

વ્યાપાર અને ઉદ્યોગમાં ક્યારેક મંદી પણ જોવા મળે છે. એમાં ક્યારેક નુકસાનીની પરિસ્થિતિ પણ સર્જાય શકે છે. આ સંસારમાં પરિવર્તન ચક્રથી ઘણા અવાંછિત પરિવર્તન પણ થતાં જ રહે છે. વિકટ પરિસ્થિતિમાં હિંમત હારવી અર્થાત્ વિકટ પરિસ્થિતિને વધારે કષ્ટમય બનાવી દેવી. દિવસભરમાં સૂર્યની પણ ત્રણ અવસ્થાઓ હોય છે એવી જ રીતે આપણે પણ વિચારવું જોઈએ કે આપણી આ પરિસ્થિતિ પણ પસાર થઈ જશે. આપની સર્વ ચિંતા પ્રભુને સોંપી દો અને ચિંતાની જગ્યાએ ઈશ્વર ચિંતન કરો. પ્રભુ ચિંતનની વિધિ શીખી લો તો ચઢતી કલાના દિવસો આવી જશે.

જો કોઈ મનુષ્ય વ્યાપારી અથવા ઉદ્યોગપતિ હોય તો તે પણ એક પ્રકારે ખેડૂત છે. કારણ કે આ સંસારરૂપી કર્મક્ષેત્રમાં કર્મરૂપી બીજ તો એ પણ વાવેજ છે. ખેતરમાં નાખવામાં આવેલા બીજને અનુકૂળ જળ, વાયુ તથા ધરતી ન મળે તો તે બીજ પણ અંકુરિત નથી થતું. પરંતુ કર્મરૂપી બીજ તો અવશ્ય જ કાંટા રૂપે ફુલની ક્યારી અથવા તો ફળદાર વૃક્ષના રૂપમાં સામે આવે જ છે. દરેક મનુષ્ય જાણતો અને માનતો હોય છે કે, કર્મનું ફળ મનુષ્યની સામે આવે જ છે અને તેને ભોગવવાનું રહે છે જ. છતાં મનુષ્ય આ રહસ્યને ભૂલી કેમ જાય છે? વ્યાપાર અથવા ઉદ્યોગના કાર્યમાં પરોવાયેલા મનુષ્યના મનમાંથી આ વાત વિસ્મૃત કેમ થઈ જાય છે? તેના મનમાં હોવા છતાં તેની અવગણના કેમ કરે છે? 'જેવું વાવશો તેવું લણશો' આ સિદ્ધાંતને સમજવા છતાં મનુષ્ય ઘણીવાર કાંટા વાવવા જેવું કર્મ કેમ કરે છે?

જરા વિચારવાથી આ રહસ્ય સામે આવશે કે આમ તો મનુષ્ય પુત્ર, પૌત્ર યા સ્ત્રી, બેટીની મોહજાળમાં ફસાઈ જાય છે. અથવા તો લોભ જ તેના વિવેક ઉપર પટ્ટી બાંધી દે છે. અથવા એમ કહી શકાય કે એની આત્મિક દુર્બળતા તેને પરિસ્થિતિ યા પ્રલોભનને વશીભૂત કરી દે છે. માટે આત્માને બળવાન બનાવવાની સહજ વિધિને જાણવી જરૂરી છે. આજે પણ ધનવાન લોકો આત્મિક દૃષ્ટિથી મહાન લોકોને આમંત્રિત કરીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરે છે. અથવા તેમને તેઓ પોતાની ગાદી પર બિરાજવા માટે પ્રાર્થના કરે છે. ત્યારે જો તેઓ સ્વયં જ મહાનતાનો કંઈક અંશ ધારણ કરી લે તો સ્વયં જ સિદ્ધિ સ્વરૂપ બની જશે. એમના પોતાના હાથમાં બરકત અને વૃદ્ધિ આવી જશે.

ધન કમાઓ પરંતુ બીજાની ઈર્ષ્યા કરી વેરવૃત્તિથી ન કમાઓ. દરેક આત્માનાં કર્મ અને પ્રારબ્ધ અલગ અલગ છે. તો પછી મનુષ્ય બીજા

સાથે પોતાની તુલના કેમ કરે છે? કોઈને જોઈને સ્વયં પણ એવા જ બનવાની કોશિશ કરવી અર્થાત્ તેના શિષ્ય અથવા અનુચર બનવું એવું જ છે. કોઈને વધારે ધનવાન બનતા જોઈને તેના જેવા ધનવાન બનવાનો પ્રયત્ન કરવો એનો અર્થ એ થાય કે સ્વયંને જ તેનાથી પણ ઉતરતી કક્ષાના માનવા. આ તો આત્મ સન્માનને ગુમાવવા જેવી વાત છે. સ્વમાનમાં રહીને જ ધન કમાવવું યોગ્ય છે. ઈર્ષ્યાથી તો સુખમાં દુઃખ મિશ્રિત થઈ જાય છે.

ઘણા લોકો પૈસાને (ધનને) 'લક્ષ્મી' અને પૈસાને નગદ નારાયણ કહે છે. લોકો દિવાળીના અવસર પર શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણની પૂજા પણ કરે છે. પરંતુ શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણને તો તેમના ચિત્રોમાં કમલ પુષ્પો ઉપર બતાવવામાં આવે છે. શ્રી લક્ષ્મીનું એક નામ 'કમલા' અને શ્રી નારાયણનું એક નામ 'કમલાપતિ' પણ છે. આમ જોઈએ તો શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણનો આધાર તો કમલ જ છે. કમળ પુષ્પ સમાન પવિત્ર બનવાના કારણે તો તેમણે આ મહાન દેવી અને દેવ પદ પ્રાપ્ત કર્યું છે. તેઓ પૂજ્ય બન્યા અને વિરાટ ધન તથા ઐશ્વર્યના માલિક બન્યા. માટે ધન કમાવવા માટે વ્યાપાર અને ઉદ્યોગ કરવા છતાં જો આપણે આપણા જીવનને કમળ સમાન બનાવી દઈશું તો આપણે સ્વયં જ તેમના સમાન બની શકીશું. 'ધન' યા નગદ શ્રી નારાયણને જ ઈષ્ટ માનીને જીવનભર તેની સાધનામાં પરોવાયેલા રહેવાને બદલે વ્યક્તિ ધન કમાવવા છતાં જો શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણ જેવા જીવનના ઉદ્દેશ્યને સામે રાખીને આગળ વધે તો તેમાં તેનાં જીવનની વાસ્તવિક સફળતા છે. લક્ષ્મી અર્થાત્ 'જે લક્ષમાં સ્થિત હોય.' માટે જ આપણે કહીએ પણ છીએ કે 'નર જો એવી કરણી કરે કે નરમાંથી નારાયણ બને અને નારી જો એવી કરણી કરે જે નારીમાંથી શ્રી લક્ષ્મી બને.' આ અનુસાર જીવનને બનાવતા વ્યાપાર અથવા ઉદ્યોગ કરવાથી સાચા સુખની પ્રાપ્તિ થાય છે.

મનુષ્યે યાદ રાખવું જોઈએ કે ધન એક સાધન છે. કોઈ સિદ્ધિ નથી. માટે જ તેને સાધન માનીને કમાવું જોઈએ અને જીવનની સિદ્ધિ માટે તેનો ઉપોગ કરવો જોઈએ. મનુષ્ય જો પોતાનું આખું જીવન સાધનને જ ભેગું કરવામાં લગાવી દેશે તો પછી તે સિદ્ધિ માટે તેનો પ્રયોગ કરી સિદ્ધિ સ્વરૂપ ક્યારે બનશે? માટે જ એક તો ધન એવા પ્રયત્નથી કમાયેલું હોવું જોઈએ જે સિદ્ધિથી વંચિત ન કરી દે અને બીજું આખું જીવન જ એના ઉપાર્જનમાં ન લગાવી દેવામાં આવે. મનુષ્યે પોતાના દિવસભરના સમયને પણ વ્યવસ્થિત રીતે વહેંચી લેવો જોઈએ. તેમણે થોડો સમય વ્યાપાર અથવા ઉદ્યોગમાં, થોડો સમય ઘરના સભ્યો પાછળ, થોડો સમય મિત્રજનોની સાથે રહેવામાં વીતાવવો અને થોડો સમય જીવનની પરમ સિદ્ધિમાં પણ નિશ્ચિત રૂપથી વાપરવો જોઈએ. પરમાત્મા પણ આપણા માત-પિતા શિક્ષક-સતગુરુ તથા સર્વસ્વ છે વળી તે જ વિધિ તથા સિદ્ધિના દાતા પણ છે માટે જ તેમની સાથે જીવનને જીવવું અર્થાત્ તેમની સાથે મન ન લગાવવું ન પરોવવું એ પણ એક મોટી ભૂલ છે.

વ્યાપાર અને ઉદ્યોગમાં પણ લેણદેણના રૂપમાં કર્મ થાય છે, તેને આવક અથવા વ્યય ઋણ અથવા સંપત્તિના ખાતામાં ચઢાવી દેવામાં આવે છે. ઠીક એવી જ રીતે જીવનના દરેક કર્મોથી કર્મોનું ખાતું બને છે. આ ખાતું ઋણાત્મક પણ હોઈ શકે છે, ગુણાત્મક અથવા લાભાત્મક પણ હોઈ શકે. માટે જ દરેક વ્યક્તિએ ધ્યાનમાં રાખવું જોઈએ કે જે કર્મ હું કરી રહ્યો છું. એનાથી મારા કર્મોના હિસાબ કિતાબ તો નથી બનતાને? નહીં તો એમ

ના બને કે કર્મોના વ્યાપારમાં મનુષ્ય પોતાનું નુકસાન કરી બેસે. આમ તો પ્રથમ દિવસથી જોતાં તો શરૂઆતમાં એમાં લાભ જ થઈ રહ્યો હોય છે કે જે વ્યક્તિએ નજીક અથવા દૂરના ભવિષ્યમાં પણ ચૂકવવાનું તો રહે જ છે.

પ્રાચીન રીતરિવાજ અનુસાર વ્યાપારી લોકો પોતાની ગાદી નજીક અથવા પોતાના કોઈપણ ખાતાના આરંભમાં સ્વસ્તિક અંકિત કરે છે. દીપાવલી જે વ્યાપાર અને વાણિજ્યવાળાઓનો વિશેષ તહેવાર છે, તે અવસર પર પણ તેઓ સ્વસ્તિક અંકિત કરે છે. કેમ કે વ્યાપારના વર્ષના આરંભનું પ્રતીક છે. તેને શુભ અવસર માનવામાં આવે છે. જેમાં જૂના ખાતાને સમાપ્ત કરી નવેસરથી ખાતા માંડવામાં આવે છે. વ્યાપારી લોકો પોતાના વ્યાપારના સ્થાન પર પ્રવેશ કરતાં જ અગરબત્તી ધૂપ જલાવે છે. ઘણા લોકો આ કાર્ય કલાપોને શુભ માનવા છતાં પણ તેના વાસ્તવિક અર્થથી પરિચિત નથી હોતા.

વાસ્તવમાં સ્વસ્તિકમાં બે મધ્યવર્તી રેખાઓ એક જ વર્તુળની બે વ્યાસ રેખાઓની પ્રતીક છે, કે જે કેન્દ્રબિંદુમાંથી પસાર થઈ રહી હોય અને સ્વસ્તિકની ચાર ભુજાઓ કે જે ઉપર જમણી તરફથી શરૂ થાય છે તે દિશા અથવા સ્થિતિનું પ્રતીક છે. બંને વ્યાસ રેખાઓ સૃષ્ટિચક્ર અથવા કાળચક્રને ચાર સરખા ભાગોમાં વહેંચે છે. જેને આપણે સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગના નામથી જાણીએ છીએ. ઉપરની જમણી તરફની ભુજા રેખા સતયુગની પ્રતીક છે અને એ બતાવે છે કે સતયુગમાં બધુ શુભ અને લાભકારી હોય છે. જમણી દિશા ભારતીય સંસ્કૃતિમાં જમણા હાથની જેમ શુભ અથવા પવિત્ર જ માનવામાં આવે છે. આગળ ભુજાનો નીચે તરફનો ઝોક ધીરે ધીરે પવિત્રતાની કળાઓના હ્રાસનું પરિણામ છે. આ ત્રેતાયુગનું પ્રતીક છે, ત્રેતામાં પવિત્રતાની કળાઓ ઓછી હોય છે. આગળ ચાલીને ભુજા વિરુદ્ધ દિશામાં અર્થાત્ ડાબી બાજુમાં જોવા મળે છે. આ વામ માર્ગની સંકેતક છે. દ્વાપરયુગના મનુષ્યનો વ્યવહાર વિકૃત થઈ જાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર પણ ત્યારે જ શરૂ થાય છે. સતયુગ અને ત્રેતાયુગ પવિત્રતાના યુગ હતા. જેમાં વ્યાપાર અથવા લેણદેણમાં પણ સ્નેહ હતો અને બધા જ એકબીજાને આપવામાં જ ખુશી અનુભવતા હતા. ત્યાં સ્વાર્થ પરક લોભ વૃત્તિ ન હતી. પરંતુ દ્વાપરયુગમાં મનુષ્યમાં 'મારું-તારું'નો ભાવ જાગૃત થયો. મોહ અને લોભવૃત્તિ પણ થોડી ઘણી માત્રામાં જાગૃત થઈ હતી. મનુષ્ય ધન ભેગુ કરવાની પ્રવૃત્તિઓ યુક્ત બન્યો હતો. ધીરે ધીરે આ અશુદ્ધ પ્રવૃત્તિઓ બળવાન બનતી ગઈ અને આગળ અંતે કળિયુગ આવ્યો આને જ વામ દિશામાં ઊર્ધ્વગતિની ભુજાના રૂપમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે. કળિયુગના અંતમાં તો વ્યાપાર તથા વ્યવહારમાં લોભ, સ્વાર્થ, શોષણ વગેરે પણ પ્રધાન થતા ગયા, ભેળસેળ બનાવટ, દગાબાજી, લૂંટફાટ વગેરેની અતિ થઈ ગઈ. દરેક ધંધામાં જુઠાણું વધતું જ ગયું. મનુષ્ય જૂઠ, લાંચ, કરચોરી, ભેળસેળ તેમજ અન્યને દુઃખ આપીને કમાવવામાં જરા ખોટું માનતો નથી, પરંતુ તે એમ સમજતો હોય છે કે આના વગર તો ધંધો ચાલે જ નહીં, ધંધામાં કાંઈ ફાયદો જ ન થાય - સરકાર પણ જનતા ઉપર દર વર્ષે અધિકમાં અધિક કર નાખીને લોકોને કરથી બચવાનો ઉપાય વિચારવા માટે મજબૂર કરતી હોય છે જ આથી તેમને કર વિભાગ તેમજ હિંસક તત્ત્વોનો પણ સતત ભય રહે છે. આવો જ ઘોર કળિયુગ અત્યારે ચાલી રહ્યો છે.

આપણે જાણીએ જ છીએ કે કળિયુગ પછી ફરી સતયુગ આવે જ છે. સતયુગમાં દરેક

વ્યક્તિની પાસે અઢળક ધન સંપત્તિ હોય છે. ત્યાં ચોરી-ચકારી નિર્ધનતા અથવા હાનિનું નામ નિશાન પણ જોવા નથી મળતું, જેમ રાત પછી દિવસ આવે છે. તેવી જ રીતે હવે અજ્ઞાન અંધકાર અને પાપાચારનો અંત થઈ સતયુગના પ્રકાશનો સમય આવવાની શરૂઆત થઈ રહી છે. હવે શીઘ્ર જ પ્રભાત આવવાનું છે. કેમ કે જ્ઞાન સૂર્ય પરમાત્મા જ્ઞાન પ્રકાશ આપી રહ્યા છે. વર્તમાન સમય સૃષ્ટિનો અમૃતવેળાનો સમય છે. જ્યારે તે જ્ઞાનરૂપી સ્મૃતિમાં બેસવાનો સમય છે કેમ કે આ કળિયુગના અંત અને સતયુગનાં આરંભનો શુભ સંગમ છે. મનને પ્રભુમાં સમર્પણ કરવાનો શુભ સમય અથવા શુભ મૂહુર્ત છે. પ્રવર્તમાન સમયમાં પરમપિતા પરમાત્મા આ જ્ઞાન તથા સહજ રાજયોગના રૂપમાં ભાગ્ય વહેંચી રહ્યા છે. માટે રાત્રિની કાલિમામાંથી મુક્ત થઈ, મનને જ્ઞાન સાગરથી પવિત્ર બનાવવાનો સમય છે. સ્વસ્તિક આ વાતનો પરિચય આપે છે. જે સ્વસ્તિકને આપણે દર વર્ષે અંકિત કરતાં આવ્યાં છીએ. એના રહસ્યને સમજીને હવે કાળ ચક્ર અથવા પરિવર્તન ચક્રને જાણીને આપણે પણ આપણા સંસ્કાર બદલવા જોઈએ અને આપણા કર્મનું નવું ખાતું ખોલવું જોઈએ. એ પણ યાદ રહેવું જોઈએ કે હવે કળિયુગ જઈ રહ્યો છે અને સતયુગ આવી રહ્યો છે. માટે વર્તમાન સમય સ્વયં જાગૃત થઈ અન્યને જાગૃત કરવાનો સુંદર સમય છે.

ચોવીસ કલાકના કાળચક્રને આપણે ‘દિવસ’ કહીએ છીએ. એમાં પણ આપણે આપણો સમય સુનિયોજિત કરવો જોઈએ. ક્યાંક એવું ન બને કે આખી ઉંમર ધનોપાર્જનમાં જ પૂરી થઈ જાય અને ધન બેંક તથા તિજોરીમાં જ પડ્યું રહે ને, આત્મા પોતાની યાત્રામાં અહીંથી ડેરો ઉઠાવીને ચાલવા માંડે. આખો દિવસ દુકાન તથા દફતર, કારખાના અથવા ફેક્ટરીની જ વાતો વિચારતા વિચારતા જ આપણે જિંદગી સમાપ્ત નથી કરવાની. રાત્રે પણ સૂતી વખતે ગ્રાહક કર્મચારી અથવા કારખાનાનાં જ દૃશ્યો દૃષ્ટિ સમક્ષ રહે તો તેમાં જીવનની કોઈ સાર્થકતા નથી. જીવન તો આ સર્વ વસ્તુઓથી મૂલ્યવાન ચીજ છે તેનું પણ કંઈક વિશેષ લક્ષ છે. માટે જ આ લક્ષની સિદ્ધિ માટે ઓછામાં ઓછું પ્રાતઃ બ્રહ્મમૂહુર્તમાં અથવા અમૃતવેળાએ તો આત્મચિંતન તથા ઈશ્વરીય સ્મૃતિમાં મનને પરોવવું જોઈએ. રાત્રે પણ સૂવાના થોડા સમય પહેલાં આપણા દિવસભરની તસવીરને દૃષ્ટિ સમક્ષ લાવીને આગળ ઉપર સંપૂર્ણતાની તરફ અગ્રેસર થવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ તથા પરમપ્રિય પરમપિતાના પ્યારનું રસાસ્વાદ કરવું જોઈએ.

યાદ રહે કે ભક્તિ અને સહજ રાજયોગમાં અંતર છે. સહજ રાજયોગના દ્વારા જ દેહથી ન્યારા થઈ પરમપિતા પરમાત્મામાં મનને સ્થિત કરી શકાય છે અને આમાં હઠયોગની જેમ પ્રાણાયામ અથવા આસન વગેરેની કોઈ આવશ્યકતા નથી. આનાથી આત્મા આનંદ-વિભોર બની જાય છે. તેના સંસ્કાર પરિવર્તન થવાની શરૂઆત થઈ જાય. કુટેવો બદલાવવાનો પ્રારંભ થઈ જાય છે.

દાન કરવું એ શુભ કાર્ય માનવામાં આવે છે. પરંતુ બધા જ પ્રકારના દાન કર્મોમાંથી ઈશ્વરીય જ્ઞાનનું દાન, યોગદાન તથા દિવ્ય ગુણોના દાનને શ્રેષ્ઠ ગણવામાં આવે છે. કારણ કે જેને ઈશ્વરીય જ્ઞાન, યોગવિદ્યા તથા દિવ્ય ગુણોની શ્રેષ્ઠમતિ આપવામાં આવે છે, તે સદાના માટે નિર્ધનતા, રોગ, શોક વગેરેથી મુક્ત થઈ જાય છે. આ સૂક્ષ્મ અને આધ્યાત્મિક જ્ઞાન એવું છે કે જેનાથી છ વિકારોરૂપી રોગોથી મનુષ્ય મુક્ત થઈ જાય છે.

નિર્બળતા અને બુરાઈઓની જંજીરોમાંથી આઝાદ થઈ જાય છે. પરમપિતા પરમાત્મા સાથે સંબંધ જોડી યોગ શક્તિથી પોતાનામાં રહેલાં વિકર્મોના ખાતાને ચૂક્તુ કરી શકે છે. માટે જ્યાં ઈશ્વરીય જ્ઞાન સહજ રાજયોગનું દિવ્ય શિક્ષણ આપવામાં આવે છે. તે આ આધ્યાત્મિક હોસ્પિટલ છે. વળી અવિનાશી વિદ્યાનું વિદ્યાલય પણ છે. તેમજ આ જ્ઞાન, ધન દ્વારા સદાના માટે નિર્ધનતાથી મુક્ત કરાવવાનું આશ્રયસ્થાન પણ છે. આવું જ શ્રેષ્ઠ સ્થાન બનાવવું તે સર્વ શ્રેષ્ઠ દાન કરવા સમાન છે.

સોનું, ચાંદી, ચેક, નોટ વગેરે તો એક પ્રકારનું ધન છે. જેનાથી તનને સુખના સાધન પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ આત્માના સુખનું સાધન જ્ઞાનધન છે. આત્મા યોગરૂપી પુરુષાર્થથી કર્મોનું ઋણ ચૂકવીને માલામાલ બને છે. માટે યોગ અવિનાશી કમાણી છે. દિવ્યગુણ હીરાથી પણ વધારે અણમોલ રતન છે. જેનાથી મનુષ્ય જીવન કોડી તુલ્યમાંથી હીરા સમાન બને છે. દુનિયામાં એમની જ મૂર્તિઓ બનેલી છે. જેમનામાં દિવ્યગુણો હતા. એમને જ મહાન માનવામાં આવે છે. જેમનામાં મહાન ગુણ હોય છે. મહાન અથવા દિવ્ય વ્યક્તિઓના સ્મારકો ઉપર લોકો ધન ન્યોછાવર કરી દે છે. દિવ્યગુણો વગર તથા જ્ઞાનધન વગર મનુષ્ય કંગાળ છે. તે વ્યક્તિ સૌથી વધારે ગરીબ છે, જે વિકર્મ કરીને પોતાના ઉપર કર્મોનો બોજો ચડાવતો જાય છે. વાસ્તવિક રીતે ધનવાન તે છે જે જ્ઞાનયોગ તથા દિવ્ય ગુણોથી માલામાલ અને નિહાલ થઈને સદાય ખુશી રૂપી ખજાનાથી ખુશખુશાલ રહે છે, તેને જ જીવનમાં પરમ સંતોષ પ્રાપ્ત થાય છે. સંતુષ્ટતા મનુષ્યની ખુશીનું સાધન છે. અસંતુષ્ટ મનુષ્ય કરોડો રૂપિયા હોય છતાંય ગરીબ જ છે.

યાદ રાખો ધન-માયા નથી. ધનનો લોભ ધનમાં આસક્તિ, ધનને કમાવા માટે હેરાફેરી અને છળકપટ કરવામાં આવે છે, તે માયા છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર તથા આળસ પણ માયાના રૂપો છે. દેહ અભિમાનથી મનુષ્યમાં મનોવિકાર પેદા થાય છે. સ્વયંને આત્મા સમજી સર્વને પરમાત્માનાં સંતાન માની નિમિત્ત બનીને કાર્ય કરવાથી મનુષ્ય માયાજીત બની જાય છે માટે જ આપણે સંન્યાસી નથી બનવાનું પરંતુ પ્રન્યાસી બનવાનું છે. ધન કમાવવાનું છે. પરંતુ માયાને છોડવાની છે.

ભગવાનના મહાવાક્યો છે હે વત્સ! બધા જ દુઃખ તથા અશાંતિનું મૂળ કારણ વિકારો છે. વિકારોનું કારણ દેહ અભિમાન છે. દેહ અભિમાન અજ્ઞાન અથવા મિથ્યાજ્ઞાનના કારણે હોય છે. અજ્ઞાન તથા મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ ઈશ્વરીય જ્ઞાન તથા સહજ રાજયોગ દ્વારા થાય છે. સહજ રાજયોગ સ્વયં ઈશ્વર અથવા પરમપિતા પરમાત્મા કળિયુગના અંતમાં સતયુગનો પ્રારંભ કરવા શિખવે છે. વર્તમાન સમય કળિયુગનો અંત અને સતયુગના પ્રારંભનો શુભ સંગમ છે. માટે હવે ઈશ્વરીય જ્ઞાન તથા સહજ રાજયોગની વિધિ નિ:શુલ્ક (વિના મૂલ્યે) મેળવી શકાય છે. ભવિષ્યમાં 21 જન્મ અથવા 2500 વર્ષ માટે સંપૂર્ણ પવિત્રતા સુખ અને શાંતિ અથવા મુક્તિ અને જીવનમુક્તિ પ્રાપ્ત કરી શકાય તેમ છે.

ભગવાનના મહાવાક્યો છે કે મીઠા બાળકો, સંપૂર્ણ તથા સ્થાયી પવિત્રતા સુખ અને શાંતિ, મુક્તિ અને જીવનમુક્તિ આપણો જન્મ સિદ્ધ અધિકાર છે. પરંતુ 'હમણાં નહીં તો પછી ક્યારેય નહીં.' માટે જ ઈશ્વરીય જ્ઞાન સહજ રાજયોગને સવિસ્તાર સમજીને શાંતિ અને આનંદની અનુભૂતિ માટે તથા મનની મૂંઝવણોમાંથી મુક્તિ

**(અનુસંધાન પેજ નં. 19 પર)**

## પ્રસન્નતાના પથ પર

# વર્તમાનમાં જીવો

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



વીતેલા સમયમાં આપણે શું કર્યું અને ભવિષ્યમાં શું કરવા ઈચ્છીએ છીએ. આમ વિચારવું એ મનુષ્યનો સ્વભાવ છે. આ સર્વ વાતોમાં આપણે આત્માની ભૂમિકા ભૂલી જઈએ છીએ અને એમ વિચારીએ છીએ હું તે હું જ કરી શકું છું. જો આપણે આપણી ભાષાને જોઈએ તો તે કેવી હોય છે, શું કરું, કઈ રીતે કરું, અને કઈ રીતે કરવું તે સર્વ કાંઈ કરવા ઉપર કેન્દ્રિત થઈ જાય છે. એટલે ખુશી પણ કરવા પર કેન્દ્રિત થઈ જાય છે. પછી આપણે વિચારીએ છીએ કે આ કરીશું આમ થશે ત્યારે મને ખુશી મળશે.

રાજયોગ શીખવાડે છે કે આપ શરીર નહીં એક આત્મા છો. પહેલી વાત તો આપણે એ સમજી લેવી જોઈએ કે આપણી ખુશી કઈ વાત પર નિર્ભર નથી. બીજી વાત એ છે કે આપણે હંમેશા ખુશ રહી શકીએ છીએ. વર્તમાનમાં રહેવું તે મુશ્કેલ નથી. જો આપણે કેટલીક વાતોનું ધ્યાન રાખીએ તો પછી વર્તમાનમાં રહેવું સરળ બની જશે.

વર્તમાનમાં છો તો ખુશીમાં છો. વર્તમાનમાં છો તો સ્થિર છો. અશાંતિ ક્યાંથી આવી રહી હતી? વીતેલા સમયની કોઈ ઘટના, દુઃખ યા ભવિષ્યનો ભય, તો પછી કોઈની પાસેથી કોઈ અપેક્ષા અશાંત કરી રહી હતી. અપેક્ષા આપણને અશાંત કરે છે. ભવિષ્યમાં આપણો વ્યવહાર કેવો હશે, પરિસ્થિતિ કેવી હશે. આ સર્વ વાતોનું પૂર્વ અનુમાન કરી લેવું તે અપેક્ષા છે. અને તે વર્તમાનમાં રહીશું તો આપણી અપેક્ષા સમાપ્ત થઈ જશે. કારણ કે અપેક્ષા અને પૂર્વ અનુમાન બંને હંમેશાં એક સમાન હોય છે. જે વ્યક્તિ વર્તમાનમાં રહે છે તે અચલ હોય છે એમાં કેટલીક વાતો પર આપણે ધ્યાન આપીએ છીએ. સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે હું જે છું, જેવો છું ખુશ છું. એના માટે કોઈની સાથે તુલના કરવાની આવશ્યકતા નથી. જ્યારે આપણે ભવિષ્યમાં આપણી ખુશી શોધીએ છીએ, તો આપણે એ જોવાનું છે કે હું એના જેવો બની જાઉં. હું આ પદ પર પહોંચી જાઉં. એમની પાસે જે છે તે મારી પાસે આવી જાય અને આપણે ભવિષ્યની કલ્પનાઓમાં ખોવાઈ જઈએ છીએ.

માની લો કે હું સહાયક પ્રબંધક છું. અને મેં એ સંકલ્પ કર્યો કે હું વરિષ્ઠ પ્રબંધક બની જાઉં ત્યારે મને ખુશી મળશે. આ પદ પર પહોંચવા માટે મેં સંકલ્પ કર્યો કે જ્યારે હું મહા પ્રબંધક બની જાઉં ત્યારે મને ખુશી મળશે. હવે આ વિચાર કોણ નિર્મિત કરી રહ્યું છે તે હું જ નિર્મિત કરી રહી છું. એની પાસે જે ગાડી છે, જ્યારે તેવી ગાડી મારી પાસે આવી જશે. ત્યારે હું ખુશ થઈશ. તો જે આત્મા છે તે એક ઉર્જા છે, શક્તિ છે. આ શક્તિને ના કોઈ વસ્તુની આવશ્યકતા છે, ના કોઈ પદની આવશ્યકતા છે. તે સ્વયં પૂણ છે અને ખુશી એનો સ્વભાવ છે. કોઈ વસ્તુ યા પદ યા શારીરિક સુંદરતા એને પૂર્ણ કરી શકતી નથી. કારણ કે તે એક ઉર્જા છે. એને પૂરી કરવા માટે શું જોઈએ? માત્ર સાચી ઉર્જા જોઈએ. શારીરિક ચીજો એને પૂર્ણ

(અનુસંધાન પેજ નં. 30 પર)

# અહંભાવનો ત્યાગ - સૂક્ષ્મ તપસ્યા

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



'મારે મૈં મૈં (હું હું - અહંભાવ) કરનારી બકરીઓનું ટોળું - સમૂહ નહીં જોઈએ. મારે તો જોઈએ સિંહ અને સિંહણો. જેમની ત્રાડથી માયા મૂર્છિત થઈ જાય.' આ હતા પ્રજાપિતા બ્રહ્માના હૃદયના ઉદ્‌ગાર. 'આપની પાસે આટલું શ્રેષ્ઠ જ્ઞાન હોવા છતાં પણ આપને ત્યાં સાધકોની ભીડ કેમ નથી?' એવો પ્રશ્ન પિતાશ્રીને કોઈએ પૂછ્યો. ત્યારે પિતાશ્રીએ તેનો ઉપર મુજબ જવાબ આપેલો.

અહંભાવ મનુષ્યને પતનના માર્ગે લઈ જાય છે. પછી ભલે તે સાધનાનો હોય યા લૌકિક કાર્યોનો પથ હોય, પણ જો તેમાં અહંભાવનો ભાવ વધારે પ્રમાણમાં છે તો તે અહંકાર અંધકાર બનીને મનુષ્યને ભટકાવી દે છે. જેનો સંપૂર્ણ બનવાનો સાચા દિલથી ઈરાદો છે તો એણે જાણી લેવું જોઈએ કે અહંભાવને ઓળખી તેનો ત્યાગ જ એને મંઝિલની તરફ તીવ્રતાથી લઈ જશે. જો સર્વસ્વનો ત્યાગ કરવા છતાં પણ અહંભાવની બેડીઓને તોડી ન શક્યા, તો સાધકની કુરબાની કમાલ કરી શકતી નથી.

તો હે રાજયોગના સાધકો, આપણે આપણી દિવ્યતાથી સમગ્ર વિશ્વને માયાની જાળમાંથી મુક્ત કરવાનું છે. આપણો પાવન પથ અનેકો માટે માર્ગ પ્રદર્શક બનનાર છે. આપણો ત્યાગ સંસારમાં વૈરાગ્યનું બીજ અંકુરિત કરશે. તો એવું તો નથી બનતું કે સંપૂર્ણ સંન્યાસ પછી પણ 'અહંભાવ'ની ડાળીમાં અટવાઈ ગયા હો. તો ચાલો, સૂક્ષ્મ દૃષ્ટિ રાખીને સ્વયંનું નિરીક્ષણ કરીએ અને આ સૂક્ષ્મ માયાને સદા સદાને માટે વિદાય આપી દઈએ.

'હું બુદ્ધિવાન છું. હું સમર્થ છું. હું સુંદર છું. હું ધનવાન છું. હું ઈન્ચાર્જ છું. હું માલિક છું. આ મારી ડ્યુટી છે. તમે મને પૂછ્યા વગર આ સારું કામ પણ શા માટે કર્યું? તમારે મારું માન રાખવું જોઈએ. આ ઘરનો માલિક તો હું છું.' - આ છે અહંભાવથી પીડિત મનુષ્યોના બોલ તથા એમની ભાવનાઓ. પરંતુ બુદ્ધિવાન મનુષ્યે શું એ ન વિચારવું જોઈએ કે જ્યારે તમે આ ધરા પર આવ્યા ત્યારે શરીર પણ સાથે લાવ્યા નહોતા. તમને સર્વ કાંઈ અહીંથી જ મળ્યું છે. જેને તમે પોતાની કમાણી સમજીને ગર્વ કરી રહ્યા છો. તે તમારી છે જ ક્યાં? આંખ બીડાઈ જતાં જ (શરીર છોડી દેતાં જ) તમે શું ફરીથી ખાલી બની જતા નથી? તો તમને જે કંઈ મળ્યું છે તેને શા માટે સ્વ ઉપકાર તથા પર ઉપકારમાં રોકી દેતા નથી?

## અહંભાવના ત્યાગનું મહત્ત્વ

- અષ્ટ રત્નોનો એક આધાર અહંભાવનો ત્યાગ પણ છે.
- અહંભાવના ત્યાગથી જીવન સરળ તથા દિવ્ય બની જાય છે અને ભારેપણું સમાપ્ત થઈ જાય છે.
- અહંભાવ જ સમસ્યાઓ અને ચિંતાઓનું કારણ છે.
- 'હું' જશે તો બાપ (પરમપિતા પરમાત્મા) આવશે અર્થાત્ પ્રત્યક્ષતાનાં નગારાં વાગશે.
- અહંભાવને કારણે આપણામાંથી બીજાઓની ભાવનાઓ સમાપ્ત થઈ જાય છે.

- અહંભાવ હદની નિશાની છે. જ્યાં અહંભાવ છે ત્યાં વિશાળબુદ્ધિ તથા વિશાળ દિલ નથી.
- અહંભાવ હશે તો આપણે સમર્પિત બુદ્ધિ નહીં બની શકીએ. ફલસ્વરૂપ પરમાત્મા પિતા આપણો જેવો ઈચ્છે તેવો ઉપયોગ નહીં કરી શકે.

## ઝગડાઓનું મૂળ - અહંકાર

તૂં તૂં મૈં મૈં ... આ પ્રસિદ્ધ શબ્દ દરેક સ્થળે ઝઘડાઓનું મૂળ છે. કાર્ય ભગવાનનું, શક્તિઓ પણ તે જ આપી રહ્યા છે, માર્ગ પણ તે જ બતાવી રહ્યા છે અને લડી રહ્યા છીએ આપણે. શા માટે? વિચાર કરીએ.

'બેગાની શાદી મેં અબ્દુલ્લા દીવાના' વાળી કહેવત અવળી રીતે તો ચરિતાર્થ થઈ રહી નથી ને? સ્વયં સર્વશક્તિવાને આપણું ભાગ્ય ઉચ્ચ બનાવવા માટે આપણને કાર્યમાં સ્થાન આપ્યું, સહયોગી બનાવ્યા અને આપણે 'અહંભાવ'ને કારણે લડી ઝઘડીને શ્રેષ્ઠ કાર્યમાં અવરોધ પેદા કરીએ તો આપણે દ્વાર પર આવેલા શ્રેષ્ઠ ભાગ્યને ગુમાવી નહીં દઈએ?

તો સંગઠનમાં જ્યાં પણ પરસ્પર સંઘર્ષ છે, એનું બીજ અહંભાવ છે. આપણે બીજાઓને લડાઈનું કારણ ન સમજતાં સ્વયંના અહંભાવને પકડીએ. જ્યાં સુધી તે પક્કડમાં નહીં આવે, ત્યાં સુધી ઝઘડા સમાપ્ત થશે નહીં. 'મેં વધારે કામ કર્યું, તમે સારી રીતે કામ કરતા નથી.' 'હું સમજદાર છું, તમે તો બુદ્ધુ છો.' 'મારી વાત માનવામાં આવતી નથી, હું જાઉં છું.' 'હું ન હોત તો આ કામ પણ સફળ ન થાત.' - આ ભાવનાઓ જ ઝઘડા કરાવે છે. તો આવો, આ વર્ષમાં આ બર્હિમુખી વાતોને તથા જાડી બુદ્ધિની માન્યતાઓને છોડીને દિવ્યતાની તરફ આગળ ધપીએ.

## યોગમાં સૌથી મોટું વિઘ્ન - અહંભાવ

અહંભાવ જ એક વ્યર્થ સંકલ્પો તથા બોલનું કારણ છે અને વ્યર્થમાં રહેનારો આત્મા સર્વ સમર્થ પિતાની યાદમાં કઈ રીતે રહી શકે?

જો આપણે 10 મિનિટ યોગ અભ્યાસ માટે બેસીએ અને પોતાના વ્યર્થ સંકલ્પોની તપાસ કરીએ, તો આપણને જણાશે કે સર્વ વ્યર્થ સંકલ્પોનું દ્વાર અહંભાવ જ છે. આ દ્વારને બંધ કરી દઈશું તો, વ્યર્થ બંધ થઈ જશે.

સમગ્ર જીવનમાં અહંભાવને કારણે આપણા અધઃચેતન મનમાં વ્યર્થની એક લાંબી પહોળી જાળ રેકોર્ડ કરી લીધી છે. જ્યારે આપણે એકાગ્રચિત્ત બનીને બેસીએ છીએ. તો તે છુપાયેલ વ્યર્થ પ્રકટ થવા લાગે છે અને આપણને પૂર્વકાળની અનેક સ્મૃતિઓ આવવા લાગે છે. હવે તેને સતત સમર્પિત કરીને ચાલીએ. મનમાં જે કંઈ ઉઠે તેને શિવ પર અર્પણ કરી દઈએ. તો સ્વાભાવિક રીતે જ યોગયુક્ત સ્થિતિનો આનંદ લઈ શકીશું.

## જીવનને બોજપૂર્ણ કરે છે - અહંભાવ

અહંભાવનું સ્વરૂપ અતિ સૂક્ષ્મ છે. ક્યારેક ક્યારેક તો તે બુદ્ધિવાનોની પણ સમજણમાં આવતું નથી. સૂક્ષ્મરૂપથી પોતાનું કાર્ય કરતી અહંભાવની ભાવના મનુષ્યના મનને બોજપૂર્ણ બનાવી દે છે. એની ખુશી નષ્ટ થઈને મનમાં ચિંતાઓની ચિનગારી ઉઠવા લાગે છે. 'વેપાર સારો ચાલતો નથી, હવે શું થશે? ઘરની સમગ્ર જવાબદારી મારી, પરંતુ ધન નથી. ઘણી બદનામી થશે. બાળકોનાં લગ્ન કરવાના છે, ધનનો અભાવ છે. હવે ઈજ્જત જશે. કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. કોણ જાણે કેમ પણ મારાં બાળકો કુસંગમાં બગડી રહ્યાં છે. એમનું ભવિષ્યમાં શું

થશે?' આ સર્વ અહંભાવ દ્વારા ઉત્પન્ન ભારેપણું મનુષ્યના જીવનને સુખથી દૂર લઈ જનાર છે.

પણ એક યોગીને એ વિશ્વાસ રહેવો જોઈએ કે મારા પરમપિતા પરમાત્મા દરેક વાતમાં મારા જવાબદાર છે. કર્તવ્ય કરવું એ મારી ફરજ છે. બાકી સર્વ જવાબદારીઓ એમની જ છે. આ રીતે સમર્પિત ભાવ રાખીને જવાબદારીઓ નિભાવનારાઓનાં સર્વકાર્ય સફળ થાય છે. પરંતુ ધ્યાન એ રહેવું જોઈએ કે અહંભાવનો ત્યાગ કરીને જ્યારે આપણે હળવા બની જઈએ ત્યારે જીવનમાં અલબેલાપણું ન આવી જાય. અહંભાવનો ત્યાગ આપણને યોગયુક્ત બનાવે તો આપણે શક્તિશાળી બનીને બોજ તથા ચિંતાઓથી મુક્ત જીવન જીવી શકીશું.

## અહંભાવ આવ્યો કે ગુલદસ્તો કરમાયો

'સેવાઓ ભગવાનની ને પરેશાન આપણે' આ જોઈને તો પરમપિતા પણ હસતા હશે. એમનાં મહાવાક્યો છે - 'જે બાપ માલિક છે, તે તો સ્વયંને નિમિત્ત સમજીને નિશ્ચિંત રહે છે અને જે બાળકો સેવાઓ માટે નિમિત્ત છે, તેઓ સ્વયંને માલિક સમજીને ભારે થઈ જાય છે.' કેવું આશ્ચર્ય છે!

આપણે જાણીએ છીએ કે, બ્રહ્માબાબા સાકારમાં હંમેશાં જ કહેતા હતા કે કાર્ય શિવબાબાનું છે, મને શાની ચિંતા, બાપ તો સદા નિશ્ચિંત રહે છે કારણ કે જાણે છે કે સર્વ કાંઈ ડ્રામા અનુસાર જ થઈ રહ્યું છે. તો જ્યારે સૃષ્ટિના માલિક અને નવી સૃષ્ટિના સર્જક બ્રહ્મા અને શિવ બંને નિશ્ચિંત છે તો આપણી ચિંતાઓનું શું મૂલ્ય!

સેવાની સફળતા કાં તો સ્વયંની શ્રેષ્ઠ સ્થિતિના પ્રભાવથી થાય છે યા ઈશ્વરીય સહયોગના આધાર પર યા વિશ્વ ડ્રામામાં કોઈને સફળતાનું શ્રેષ્ઠ વરદાન પ્રાપ્ત થાય તે આધાર પર થાય છે. પરંતુ જો કોઈ માળી, બાપની ચેતન ફૂલવાડીને મહેંકતી જોઈને અહંભાવની ભાવનામાં આવે કે મેં આ ફૂલવાડીને મહેંકાવી છે - તો તે એની ભૂલ હશે અને ફૂલ કરમાઈને ખરવા લાગશે. જો આપની ફૂલવાડી મહેંકી ઉઠી છે તો એમાં અહંભાવના કીડાને લાગવા ન દો. એને અહંભાવની માયાથી મુક્ત રાખો અને એની સુંદરતામાં ચાર ચાંદ લગાડવાનું શીખો. એ યાદ રહે કે આપની ફૂલવાડીનો વિસ્તાર તો ઘણો હોય પરંતુ એનાં ફૂલ કરમાયેલાં હોય યા એમાં સુગંધી ન હોય યા પાનખર છે તો એનું કારણ આપનો અહંભાવ છે.

## જ્યાં અહં આવે ત્યાં માયા આવે

માયા બિલાડી મનને બંધ દરવાજાની બહાર બોલાવે છે. મ્યાઉં, મ્યાઉં અર્થાત્ દરવાજો ખોલો તો હું આવું અને આપ બિલાડીની ચાલાકીને ન ઓળખવાને કારણે જો દરવાજો ખોલી દો છો તો માયા પ્રવેશ કરી લે છે.

આપે સફળતાપૂર્વક કોઈ મોટું કાર્ય કર્યું અને એ ભાવ પણ રાખ્યો કે મેં કર્યું તો મનમાં અનેક કામનાઓ જન્મ લઈને આપને નબળા બનાવી દેશે. કેટલાયે મનુષ્ય આપની તરફ આકર્ષિત થશે. આપ એના આકર્ષણમાં ખેંચાતા જશો. અહંભાવ આવ્યો એટલે ફળ સ્વીકાર કરવા માટે તૈયાર રહેવું અને જ્યાં આપે ફળ સ્વીકાર્યું તો માયા આપની પાછળ પડી જશે.

તો યાદ રહે સંગમયુગ પર આપણી મહાનતા ત્યાગમાં છે. કાચું ફળ સ્વીકાર કરવામાં નહીં. એટલે અહંને મારો તો માયા સ્વાભાવિક રીતે જ મરી જશે.

## અહંભાવ છે તો દિવ્યતા નથી

પ્રત્યેક મનુષ્યને જીવનમાં કેટલીયે

યોગ્યતાઓ, ગુણ યા શક્તિઓ મળેલી છે. એને ઈશ્વરીય કાર્ય યા લૌકિક કાર્યમાં જોડીને એમાં વૃદ્ધિ કરવી એ બુદ્ધિવાન વ્યક્તિનું કર્તવ્ય છે. જો કોઈ મનુષ્ય પોતાની યોગ્યતાઓનો વિસ્તાર કરવાનું જ નથી જાણતો તો એની યોગ્યતાઓ એક દિવસ અવશ્ય લોપ થઈ જાય છે.

પરંતુ યોગ્યતાઓના આધાર પર સફળતા પ્રાપ્તિ પછી પણ જો કોઈ સાધકના મનમાં સૂક્ષ્મ અંશરૂપમાં પણ એ ભાવના રહી કે મારી યોગ્યતાના કારણે એ સફળતા છે તો એ એની ભૂલ હશે. આવો અહંભાવનો ભાવ રહેવાથી ધારણાઓમાં દિવ્યતા આવતી નથી. મેં પુરુષાર્થ કરીને આ ધારણાઓ બનાવી છે યા કલાઓ મેળવી છે - આ ભાવ પણ સૂક્ષ્મ અહંને જન્મ આપીને રાજયોગીના સંપૂર્ણતાના માર્ગમાં સૂક્ષ્મ અવરોધ બની જાય છે.

જો કોઈ શ્રેષ્ઠ સાધક, શ્રેષ્ઠ યોગી, અતીતમાં જઈને જુએ તો તે જે કંઈ બન્યો, જે પણ શ્રેષ્ઠ સ્થિતિ એણે મેળવી, જે પણ સફળતા એને સેવાના ક્ષેત્રમાં મળી તે શું ઈશ્વરીય સહયોગ યા ઈશ્વરીય પ્રેરણાઓ વગર સંભવ હતી તો એનું અંતર્મન એને જવાબ આપશે કે આ માત્ર તમારી વિશેષતાઓ જ નહોતી, આ કેવળ તમારી મહેનતનું જ પરિણામ નહોતું પણ ઈશ્વરીય વરદાન છે. તો પોતાની યોગ્યતાઓને ઈશ્વરીય ભેટ સમજીને ચાલીશું તો જીવનમાં દિવ્યતાનો પ્રકાશ ચમકી ઉઠશે.

## પુણ્ય ફળને નષ્ટ કરે છે - અહંભાવ

શ્રેષ્ઠ કર્મોમાં યા પુણ્યકર્મોમાં જો કરનારના મનમાં 'મેં કર્યું' એવી ભાવના છે તો એનું અડધું પુણ્ય નષ્ટ થઈ જાય છે. ધનનો સહયોગ આપીને જો કોઈ વ્યક્તિ વારંવાર સર્વની સમક્ષ પોતાના સહયોગનાં વખાણ કરે તો એનું સંપૂર્ણ પુણ્ય નષ્ટ થઈ જાય છે. જો કોઈ વર્ણન તો ના કરે પરંતુ મનમાં એ નશો રાખે કે મેં આટલું કર્યું તો એનું અડધું પુણ્ય નષ્ટ થઈ જાય છે. જો સહયોગ આપીને કોઈ વ્યક્તિ સન્માનની ઈચ્છા રાખે, તો પણ એનું પુણ્ય નષ્ટ થઈ જાય છે. ગુપ્ત સહયોગ આપવો, સહયોગ આપીને ભૂલી જવું - તેનાથી જ પુણ્યફળ પ્રાપ્ત થાય છે.

તેથી જ તો ગીતામાં કહ્યું છે કે મનુષ્ય એ કહે છે કે હું યજ્ઞ કરીશ હું આટલાંને ભોજન કરાવીશ, હું આ આ પુણ્ય કરીશ. મેં આ આ શ્રેષ્ઠ કાર્યો કર્યાં - આ કર્મ પણ રજોપ્રધાન કર્મ છે. કારણ કે એમાં શ્રેષ્ઠ કર્મ કરનારે અહંભાવનો ત્યાગ કર્યો નથી.

આપણે પુણ્યની પૂંજી વધારવાની છે. પુણ્યનું બળ મનુષ્યને આપદાઓના સમયે મદદ કરે છે. આ સર્વશ્રેષ્ઠ સંગમયુગ પર આપણને અત્યંત સોનેરી તક મળી છે જેથી આપણે જન્મ જન્મો માટે પુણ્યની મૂડી જમા કરી લઈએ. તો જે ઈશ્વરીય જ્ઞાનથી સંપન્ન બુદ્ધિવાન આત્માઓ છે એમણે જાણવું જોઈએ કે શ્રેષ્ઠ કર્મોનું તથા પુણ્ય કર્મોનું ખાતું જમા કરીને એના પર અહંભાવની લાલશાહીનો લેપ ન કરીએ. નહીંતર આ અહંભાવ આપણને અવશ્ય બંધનમાં બાંધશે.

આપણે પણ એ સમજી લઈએ કે આપણાં મહાન કાર્ય એટલા માટે થઈ રહ્યાં છે કે આપણી સાથે સર્વશક્તિવાન છે. જો એમની છત્રછાયા આપણા ઉપરથી દૂર થઈ જાય તો આપણે કંઈ પણ કરી ન શકીએ તથા આપણી સંપર્ણ ક્રાંતિનો પણ લોપ થઈ જાય.

## અહંભાવ રાખવો એટલે સૂક્ષ્મ પાપ

ઈશ્વરીય દેણમાં, ઈશ્વરીય સંપત્તિમાં તથા ઈશ્વરીય પ્રાપ્તિઓમાં અહંભાવ લાવવો તે સૂક્ષ્મ

પાપ છે. તેનો આપનાર છે સર્વ સમર્થ અને આપણે સમજીએ કે આપણે મહેનત કરી છે તો તે તો પારકી ચીજને પોતાની કહેવા બરાબર છે. વળી જ્યારે આપણે પોતાનું સર્વસ્વ સ્વાહા કરી ચૂક્યા તો આપણું કંઈ પણ રહ્યું છે શું ? કોઈપણ વ્યક્તિ યા પદાર્થ સાથે આપણે મારા પણું રાખી શકીએ નહીં. જો રાખીએ છીએ તો સૂક્ષ્મ પાપ થશે અને પાપ વધતાં વધતાં આપણાં સર્વ પુણ્યોને ખાઈ જશે.

આપણું પોતાનું તો કંઈ પણ નથી. પરંતુ પ્રાપ્ત થયેલી ઈશ્વરીય સંપત્તિથી જો આપણે બીજાઓને સુખ આપતા નથી, ઈર્ષ્યા, વેર, વિરોધને કારણે, બીજાઓને ઈશ્વરીય સંપત્તિથી સહયોગ આપતા નથી તો, તે આપણા મહાપાપના ખાતામાં જમા થશે અને ઈશ્વરીય સંપત્તિનું સુખ આપણને પ્રાપ્ત થશે નહીં. એટલે આપણે એ ન ભૂલીએ કે ઈશ્વરીય ખજાના બીજાઓને સુખ આપવા માટે છે માત્ર એકઠા કરવા માટે યા સ્વયંના સુખો માટે જ નહીં.

## ઓજસ્વીના શરીરમાંથી ઓજસ વહે છે

**તમો જ્યારે ભાષણ સાંભળવા જાઓ છો, ત્યારે તમને એટલો અનુભવ તો થતો જ હશે કે, કેટલાક વક્તાની શ્રોતાઓ ઉપર સચોટ અસર થાય છે અને કેટલાકની નથી થતી. જે ઓજસ્વી હોય છે તેના શરીરમાંથી ઓજસ સતત વહ્યા જ કરે છે. જેમ પુષ્પમાંથી સુગંધ વહે છે અને લોહચુંબકમાંથી અમુક પ્રવાહ વહે છે, તેમ ઓજસ્વીના શરીરમાંથી ઓજસ વહે છે. ઓજસ પોતાની આસપાસનાં માણસો ઉપર અજબ અસર કરે છે ! આવી રીતે પેલા ગમગીન માણસના શરીરમાંથી વહેતા પ્રવાહે મારા શરીર પર અસર કરી હતી. ●●●**

આ મહત્ત્વપૂર્ણ કાળમાં સ્વયંને દિવ્ય બનાવવા, સૂક્ષ્મ બંધનોને કાપવાં તથા નિર્વિઘ્ન બનીને ચાલવું આપણું લક્ષ્ય છે. તો યોગ તપસ્યાની સાથે સાથે અહંભાવના ત્યાગની સૂક્ષ્મ તપસ્યા પણ આપણે કરવાની છે. એવું ન બને કે આપણે મહાનયોગી તો બની ગયા. પરંતુ અહંભાવનો ત્યાગ ન કરી શકીએ. તેનાથી આપણી તપસ્યાનું બળ નષ્ટ થતું રહેશે. એ વાતની જરૂર કરનકરાવનહાર બાપ આપણને નિમિત્ત બનાવીને સર્વ કાંઈ કરાવી રહ્યાં છે. આપણે આ જીવનમાં પુરુષાર્થ કરીને જે કંઈ પણ પ્રાપ્ત કર્યું છે તે ઈશ્વરીય દેણ છે. સર્વશક્તિમાન બાપ પ્રત્યેક વાતમાં જવાબદાર છે. તો આવો, અહંભાવને ઓળખીએ અને તેનાથી મુક્ત થઈને બુદ્ધિને દિવ્ય કરીએ. સંગઠનને સશક્ત બનાવીએ. સ્વયંમાં પુણ્યકર્મોનું બળ ભરીએ.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 13નું અનુસંધાન)... ધન કમાવો પરંતુ** પ્રાપ્ત કરી આત્માનુભૂતિ માટે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના આપ કોઈ પણ સેવા કેન્દ્ર પર સવારે 8.00 થી 11.00 કલાકે અને સાંજે 5.30 થી 7.30 કલાકે કોઈપણ સમયે એક કલાક પ્રતિદિન સાત દિવસ આવીને વિના મૂલ્યે લાભ લઈ શકો છો અથવા આપના સ્થાન પર મિત્ર સંબંધીઓને એકત્રિત કરીને પ્રવચનોનું આયોજન કરી શકો છો.

**॥ ઓમશાંતિ ॥**

# બહેતર જીવન

## બ્ર.કુ. મધુબેન, બાંટવા

જીવનને શ્રેષ્ઠ, સુંદર, બહેતર બનાવવા માટે આપણે આપણી અંતર ચેતનાને જગાડવી પડે.

ગીત - અંતર મનમે જ્યોતિ જગા લો, હોગા દૂર અંધેરા.

આજે લોકો ભગવાનના મંદિરમાં રોજ દીવા-બતી કરે છે. પરંતુ અંતર મનમાં અંધારું છે. તો અંતર મનમાં દીવો પ્રગટાવવા પડે.

આજની દુનિયામાં ચાર પ્રકારના લોકો છે.

(૧) પહેલા પ્રકારના મનુષ્યો એવા છે કે જેના જીવનમાં સંપૂર્ણ અંધકાર છે. તે ભવિષ્યમાં પણ અંધકાર તરફ જ ધકેલાઈ જવાના છે. કેમ ? તેમનું વર્તમાન જીવન પૂર્વ જન્મના કર્મ ફળ સ્વરૂપે કોઈ ન કોઈ પ્રકારે દુઃખી છે. પરેશાનીમાં છે, ગરીબી છે. સુખની પ્રાપ્તિ માટે સખ્ત મહેનત કરે છે. પરંતુ ભાગ્ય સાથ નથી આપતું. અસફળ રહે છે. મનમાં વ્યાકુળતા રહે છે.

અપ્રાપ્તિ વ્યાકુળતાથી મનમાં ક્રોધ જાગે છે. મનમાં આક્રોશ રહે છે. દુઃખના જીમ્મેદાર બીજા લોકોને સમજે છે. ક્રોધમાં આવી ગાળો બીજાને આપે છે. બીજાને દોષી માને છે. દુઃખને ભૂલવા માટે વ્યસની બની જાય છે. દુરાચારી બની જાય છે. ન કરવાના ખોટા કર્મ કરી બેસે છે. ખોટા કર્મને કારણે, પાપ કર્મને કારણે, વ્યસનને કારણે વર્તમાન અને ભવિષ્યને પણ દુઃખી ખરાબ કરે છે. જેનાથી ભવિષ્ય પણ અંધકારમાં જ ધકેલાય છે.

(૨) બીજા પ્રકારના મનુષ્ય એવા છે જેમનું વર્તમાન જીવન અંધકારમાં છે. પરંતુ પોતાની અંતર ચેતના જાગ્રત હોવાને કારણે તે પ્રકાશ તરફ જઈ રહ્યા છે. વર્તમાન જીવનમાં ભલે દુઃખ છે, તકલીફ છે, બીમારી છે, ગરીબી છે, જીવનમાં અનેક સમસ્યાઓ છે, આર્થિક સમસ્યા છે, પારિવારિક સમસ્યા છે, પરંતુ એમની અંતર ચેતના જાગ્રત છે. વિચારે છે, કે મારા જીવનમાં જે કાંઈ દુઃખ છે, પરિસ્થિતિ છે તે મારા પૂર્વ જન્મના કર્મનું પરિશ્રમ છે. તો હવે આ જીવનમાં કાંઈક સારું કરુ, નેક કામ કરું, સચ્ચાઈથી ચાલુ, લોકો સાથે સુંદર વ્યવહાર કરુ, ભગવાનને હું ખૂબ સાચા હૃદયથી યાદ કરું, હું કોઈને પણ મારા મન વાણી કર્મથી દુઃખ ન આપુ, સારુ વિચારુ. બધાનું ભલુ વિચારીશ તો ભગવાન મને ભવિષ્યમાં સુખ-શાંતિ આપશે. એટલે આવા મનુષ્યનું ભલે વર્તમાન ખરાબ છે પરંતુ તેમનું ભવિષ્ય જરૂર શ્રેષ્ઠ બનશે.

(૩) ત્રીજા પ્રકારના મનુષ્ય એવા છે. જેમનું વર્તમાન જીવન રોશનીમાં છે. પ્રકાશમાં છે. પરંતુ તેમનું ભવિષ્ય અંધકારમાં ડુબી જવાનું છે. એવા મનુષ્ય છે કે જેમની પાસે સંસારના બધી જ પ્રકારના સુખ, સુવિધાઓ છે. બંગલા, ગાડી, પૈસા છે, નામ છે, માન છે, શાન છે, પદ છે, ડીગ્રી છે, બધુ હોવા છતા એમનામાં ખૂબ અભિમાન છે. સમજે છે મારા જેવું કોઈ નથી, હું કાંઈક છું, આ બધુ મારું છે અને બીજા લોકોને બિલકુલ તુચ્છ સમજે છે, તુચ્છ દ્રષ્ટિથી, ધૃણાની દ્રષ્ટિથી જુએ છે અને અહમના કારણે બધા સાથે ખરાબ વ્યવહાર કરે છે. લોકોને પોતાના દબાવમાં રાખવાનો પ્રયત્ન કરે છે. ગરીબ દુઃખી સાધારણ લોકો પાસે કામ વધુ કરાવે છે. મહેનતાણું ઓછું આપે છે અને ન બોલવાના શબ્દ બોલે છે. મન-વાણી-કર્મથી લોકોને દુઃખ આપે છે. બદદુઆઓ જીવનમાં ભેગી કરે છે. કોઈને સુખ આપતા નથી. સદા લેવાની જ ભાવના રહે છે. કાંઈ દેવાની ભાવના જ નહીં સદા સ્વાર્થી બનીને જીવે છે. એવા મનુષ્ય કોઈનું ભલુ

કરી શકતા નથી કોઈ ભલાઈનું કામ કરતા નથી.

આવા મનુષ્યનું જીવન વર્તમાન ભલે સારુ છે પરંતુ ભવિષ્ય ખરાબ જ છે. મતલબ ભવિષ્ય અંધકારમાં ડુબી જશે.

(૪) ચોથા પ્રકારના મનુષ્ય એવા છે કે જેના જીવનમાં પ્રકાશ છે, રોશની છે અને ભવિષ્ય પણ રોશનીમાં પ્રકાશ તરફ જશે. એવા મનુષ્ય છે જેમની પાસે સંસારના બધા જ સુખ છે, સુવિધાઓ છે, સાધન, સંપત્તિ, નામ, માન, શાન, પદ પરંતુ એમની અંતર પ્રજ્ઞા ચક્ષુ જાગ્રત છે. એ વિચારે છે આ સંસારમાં જે મને મળ્યું છે એ એક તો પ્રભુની મારા પર કૃપા છે અને મારા પૂર્વ જન્મના પુણ્ય કર્મનું ફળ છે. મારી પાસે જે કાંઈ છે પ્રભુની દીધેલ અમાનત છે. મારે તેમનો સદ્ઉપયોગ કરવો છે હું તો થોડા સમય માટેનો મહેમાન છું. આમાં મારું કાંઈ જ નથી એ વિચારે છે કે મારે સંસારના દુઃખી અસહાય લોકોની સેવા કરવી છે.

આ સંસારમાં કોઈ ઉચ નથી, કોઈ નીચ નથી. તે પોતાનાં મન-વાણી-કર્મ વ્યવહાર બધા જ લોકો સાથે સુંદર અને શ્રેષ્ઠ રાખે છે. બધાને સુખ આપે છે બધા જ લોકોની નિર્માણ બની સેવા કરે છે. બધા જ માટે શુભ શ્રેષ્ઠ કામના કરે છે. બધાની દુઆઓની આશીર્વાદની કમાણી કરે છે અને પ્રભુને પણ સાચા હૃદયથી ખૂબ યાદ કરે છે. ભવિષ્ય પણ ઉંચુ બનાવીને જાય છે.

તો એવા મનુષ્ય કે જેમનું જીવન વર્તમાન પણ રોશનીમાં છે અને ભવિષ્ય પણ રોશનીમાં જશે. એટલે હું લોકોથી બહેતર ઉચ્ચ છું એ કોઈ મહત્ત્વનું નથી પરંતુ હું લોકોનું બહેતર કરું, હું સર્વનું ભલુ કરું એ મહત્ત્વનું છે. ભક્તિમાર્ગમાં સંતો કહે છે. કાંઈ જ ન કરો તેના કરતા ભક્તિ કરો, ભક્તિ કરશો તો એક દિવસ તમને જ્ઞાન મળશે. જ્ઞાન દ્વારા તમારી સદગતિ થશે તો કયુ જ્ઞાન? આધ્યાત્મિક જ્ઞાન.

તો બહેતર સુંદર જીવન બનાવવા માટે જીવનમાં આધ્યાત્મિક જ્ઞાનની જરૂર છે. આધ્યાત્મિક જ્ઞાન અર્થાત્ આત્મ કલ્યાણ માટેનું અધિક જ્ઞાન આપણે આપણા જીવનમાં આધ્યાત્મિક જ્ઞાનને સમજી આપણામાં જીવનને સદા રોશનીમાં રાખવાનો પ્રયત્ન કરીએ.

કહે છે જ્યા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ છે.

ત્યાં વિચારો ખૂબ જ શ્રેષ્ઠ હોય છે.

જ્યાં વિચારો શ્રેષ્ઠ હોય છે,

ત્યાં મન-વાણી-કર્મ શ્રેષ્ઠ છે.

ત્યાં ભવિષ્ય તકદીર શ્રેષ્ઠ છે.

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય એક આધ્યાત્મિક વિદ્યાલય છે. આધ્યાત્મિકતા દ્વારા જ મનુષ્યનું જીવન શ્રેષ્ઠ બને છે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 25નું અનુસંધાન)... ખુશી**

કેટલું મહત્ત્વ છે. ગમે તેવી મુશ્કેલી હોય તો પણ ખુશ રહેવાથી મુશ્કેલી ઓછી થાય છે.'તકલીફના સમયમાં જે હસતો રહે છે એનો તકલીફનો સમય લાંબો ચાલતો નથી.' પહાડ જેવી તકલીફ રાય જેવડી થઈ જાય છે.

હસતા માણસની સાથે સૌ કોઈ બેસે છે રડતા માણસ જોડે કોઈ બેસવા કે વાત કરવા તૈયાર નથી માટે જ સદાય ખુશ રહો. સદાય ખુશ રહેવું હોય તો પરમાત્માની યાદમાં રહો. બ્રહ્માબાબા, મમ્મા, દાદીઓ અને વરિષ્ઠ બહેનો હર ઘડી ખુશમાં જ રહેતાં અરે ગુલઝાર દાદીને તો છેલ્લી ઘડીએ પણ ઉદાસીને મોં પર આવવા દીધી નથી. કેટલી બધી તપસ્યા કહેવાય તો આ છે બાબાનો સાથ. આપણે પણ હર હમેશ ખુશ રહેવા પરમાત્માના સાથનો અનુભવ કરવો જોઈએ.

**॥ ઓમશાંતિ ॥**

# સર્વ સંબંધોની મીઠી સેકરીન - શિવબાબા

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.

સંબંધ... જી હાં, ખુશનુમા જીવનનો સાર અને આદર્શ જીવનની શોભા છે, 'સંબંધ'... મધુરતાની મીઠાશમાં પલાળેલ, સ્નેહથી સિંચેલ, પ્રેમથી પાળેલ, દિલમાં સંઘરેલ, સદભાવનાના સૌંદર્યથી શણગારેલ સંબંધ તો સુખમય જીવનનો આધાર અને પ્રભુપિતાની ભેટ છે. સંબંધો વિના તો સંપૂર્ણ સુખી જીવનની કલ્પના પણ શક્ય નથી! જેમ હૃદયમાં લોહીનું મહત્વ છે, તેમ તંદુરસ્ત જીવનમાં મધુર, મજબૂત, આત્મિય અને ઉંડા સંબંધોનું મહત્વ છે. સંબંધ ચાહે લોહીનો હોય કે બનાવેલો નાતો... સંબંધ જે સંતોષથી ભરી દે, આનંદની અનુભૂતિ કરાવે, મનને સંતોષ આપે, એવા મીઠા અને રસદાર સંબંધો જીવનને સાર્થક બનાવે છે. તેમાં પણ જો ખાસ પ્રેમનો વરસાદ કરનારા અને સુખ લૂંટાવનારા સંબંધી સાથે હોય તો જીવનની યાત્રા સરળતાથી પસાર થાય છે.

જન્મ આપનાર માતાના ખોળામાં જિંદગીની સુખદ સવાર છે. માતાના પ્રેમાળ સ્નેહનો સ્પર્શ શિશુને સ્નેહામૃતનો રસપાન કરાવે છે. પિતાનો પ્રેમ તેની છત્રછાયા બનીને જ રક્ષા તો કરે જ છે, સાથે વારસાનો અધિકાર આપીને, પાલક (પિતા) બાળકને સક્ષમ બનાવે છે. અચાનક આવેલા ધર્મસંકટમાં ભાઈ સહકારનો હાથ લંબાવે છે. જો મન પર બોજ હોય, તો મિત્ર હૃદયની વાત સાંભળીને તેને હળવો કરે છે. શિક્ષકનું શિક્ષણ જીવનના માર્ગ પર ચાલવાનું શીખવે છે અને ઉચ્ચ પદના શિખર પર પહોંચાડે છે. પતિ (અથવા પત્ની) જીવનના રથનું પૈડું બની સુખ અને સમૃદ્ધિને ગતિ આપે છે. સાજન સૌભાગ્યનો શણગાર અને સજની સુખનો અધિકાર આપે છે. ગુરુ બુદ્ધિના હાથમાં જ્ઞાનનો દીવો મૂકે છે અને વિવેકના પ્રકાશથી સત્કર્મના માર્ગ પર ચાલવાનો મંત્ર ફૂંકે છે. જીવનની સંધ્યા ઢળે ત્યારે થાકેલ શરીર અને ઉદાસ મનનો પુત્ર આધાર બની જાય છે અને પછી તમામ સંબંધોની ખુશીનો સ્વાદ ચાખતાં ચાખતાં વ્યક્તિ દુનિયામાંથી વિદાય લે છે.

પરંતુ આવું "સર્વ સંબંધોનું સુખ" કોઇ વિરલાને જ નસીબ હોય છે. જેની ઝોળી સુખદાયી સંબંધોનાં માણેક મોતીથી ભરેલી હોય, જીવનનો બગીચો સુંદર સંબંધોથી કલરવ કરતો હોય - દુનિયામાં એવા સૌભાગ્યશાળી કોઇક જ મળે. દુનિયામાં જન્મેલ દરેક જીવ નાનો સંબંધ જોડીને તેમની પાસેથી સુખની અપેક્ષા રાખે છે. સંબંધ-નાતાનાં રેશમી વસ્ત્રો વણી ક્યારેક થોડું સુખ મેળવવામાં સફળ પણ થાય છે. પરંતુ સ્વાર્થી સંસારમાં 'સંબંધ-સુખ' કેટલો સમય ટકે છે? જે દુનિયામાં ઇન્દ્રિય સુખને જ સાચું સુખ માનવામાં આવતું હોય, જ્યાં સંબંધો રૂપિયા-પૈસા દ્વારા નક્કી થતાં હોય, સંબંધોમાં ભેદભાવ કરવામાં આવતો હોય, એવી સ્વાર્થી દુનિયામાં, સુખદાયી સંબંધની સારી ગેરંટી કોઇ આપે ખરૂં? આજના માણસમાં માત્ર બૌદ્ધિક સંકુચિતતા જ જોવા મળે છે, તેથી સ્વકેન્દ્રીત સ્વાર્થી શરીર-સંબંધીઓ પાસેથી આપણે શાશ્વત સુખની અપેક્ષા કેવી રીતે રાખી શકીએ?

આમ પણ, શારીરિક સંબંધોની મર્યાદિત સીમારેખા છે, કારણ કે જીવન જન્મ અને મૃત્યુના બે બિંદુઓમાં બંધાયેલું છે. વળી, સ્થૂળ શરીરની મર્યાદાની મજબૂરી છે - ઇચ્છા છતાં એક વ્યક્તિ ન તો કાયમ બીજા સાથે રહી શકે છે, ન તો હંમેશા

સાથ આપી શકે છે, ન તો એક જ વ્યક્તિ ઘણા સંબંધોમાં બહુવિધ ભૂમિકાઓ (ગુરુ-શિક્ષક, ભાઈ-મિત્ર અને પુત્ર અને પતિ વગેરેની) એક સાથે ભજવી શકે છે. વધતી ઉંમર અને બદલાતા સમય સાથે સંબંધ-સુખ મળતાં મળતાં સંબંધો પણ બદલાય જાય છે. જેમ, બાળક જન્મે કે તરત જ બાળકનો સ્નેહ-સંબંધ પહેલા માતા સાથે, પછી પિતા સાથે, પછી ભાઈ-બહેન, મિત્ર-શિક્ષક-ગુરુ વગેરે સાથે હોય છે. આમ પણ દિનચર્યાના ચોવીસ કલાકમાં એક જ વ્યક્તિ સાથે રહીને તમામ સંબંધો જાળવવાનું પણ શક્ય નથી, ન તો એક જ વ્યક્તિના આજીવન સંબંધી બની રહેવાથી જીવનનો સંપૂર્ણ વિકાસ શક્ય છે. સારમાં, એક જ વ્યક્તિમાં તમામ સંબંધોનું સુખ આપવાની ક્ષમતા નથી હોતી.

દૈહિક સંબંધોનું બીજું પાસું આ પણ છે - એક વ્યક્તિ જે સંબંધ-સુખ માટે એકબીજા પર આધાર રાખે છે, જે પોતાની ઝોળી ખાલી છે, તે કાયમ માટે સંબંધ-સુખ કેવી રીતે આપી શકશે? પરંતુ કેટલું આશ્ચર્ય? માણસ શારીરિક મોહયુક્ત પ્રેમને જ સાચો સ્નેહ સમજી, મોહજાળની જંજીરોમાં જકડાઇ રહે છે. પરંતુ અચાનક અનિચ્છનીય ઘટના બને, ધન-સંપત્તિ લૂંટાઇ જાય, સાધન-સુવિધા ચાલ્યા જાય, ભયંકર આફતમાં વ્યક્તિ તૂટી જાય - તો સ્વાર્થી સગા-સંબંધીઓ સાથ છોડી દે છે અને મિત્રો મોઢું ફેરવી લે છે તેમજ પોતિકાઓ પણ જોજનો દૂર ભાગી જાય છે. અંતે દેહધારીઓ દ્વારા છેતરાવાથી દુ:ખોનો પહાડ તૂટી પડે છે.

ત્યારે મોટી આફત અને કટોકટીના સમયમાં યાદ આવે છે તો માત્ર એક અને માત્ર... એક કરુણાનિધાન-દયાસિંધુ પરમાત્મા જ...! કારણ કે તે જ એક ઇશ્વર દુ:ખ-ભંજક અને સુખ-સર્જક છે. તેઓ જ અપાર પ્રેમ વરસાવે છે, ભરપૂર સુખ આપે છે, અનંત શાંતિ આપે છે, સ્નેહ-સુખ-શાંતિના સાગર છે. તેની તુલનામાં અલ્પ સ્નેહ-સુખ આપતા શરીરધારી તો ગરમીમાં સુકાઈ જાય તેવા નદી-તળાવ જેવા છે. જેમ, ઉનાળાની તીવ્ર ગરમીને કારણે કુવાઓ, તળાવો અને નદીઓનાં જળસ્રોત સુકાઈ જાય છે. ત્યારે તરસ્યો માણસ આકાશ તરફ મીટ માંડી વરસાદ (પરોક્ષ રીતે સમુદ્ર) નું આહવાન કરે છે, કારણ કે જળ સંકટનો કાયમી ઉકેલ તો સાગર પાસે જ છે. જ્યારે વરસાદી ઋતુમાં વાદળો પર સવાર સાગર ઉમટી-ઉમટીને વરસાદ કરે છે ત્યારે કુવાઓ, તળાવો, નદીઓ ભરાઈ જાય છે અને આખું વર્ષ પાણી પૂરું પાડે છે. તેવી જ રીતે, કલિકાલમાં ઈર્ષ્યા-દ્વેષની ભીષણ આગ અને સ્વાર્થના તાપથી જ્યારે મનુષ્યોનો દિલ-દરિયો (હૃદયનો પ્રેમ) સુકાઈ જાય છે, ત્યારે પ્રેમના એક ટીપા માટે તરસતી વ્યક્તિ પ્રેમસાગરના આગમનની રાહ જુએ છે, કારણ કે તમામ સંબંધોનાં સુખની પૂર્તિ તો શિવસાગર જ કરે છે. જે સંગમની વેળા પર ભગીરથ (પિતા બ્રહ્માનું સાકારી મનુષ્ય તન) પર સવાર થઇ ભરપૂર નિ:સ્વાર્થ પ્રેમ વરસાવે છે અને જન્મ-જન્માંતર માટે સુખી કરી દે છે.

જે દરેક સંબંધના તાંતણે સહેજે બંધાઇ જતાં હોય, પણ જેને શરીરના તાર અને સમયની ધારા બાંધતી ન હોય, જે હૃદયથી યાદ કરવા પર એક ક્ષણમાં હાજર થઈ જતા હોય, જે સર્વ સંબંધોનું સુખ દિવસ-રાત લૂંટાવતા હોય, પરંતુ જે ક્યારેય ખૂટતું ન હોય, બસ આપતા જ રહેતાં હોય, બદલામાં કશું માંગતા પણ ન હોય, જેમને પામવાથી બીજું કશું મેળવવું બાકી ન રહેતું હોય, એવું કોઇ હોય તો બસ... એક અને માત્ર એક જ પરમપ્રિય પરમાત્મા... પ્યારા પ્રભુ...સર્વ સંબંધોની મીઠી સેકરીન શિવબાબા! જેને જન્મોજન્મ

ભક્તિકાળમાં ભક્તોએ 'ત્વમેવ માતા પિતા ત્વમેવ' કહીને એટલે જ પોકાર્યા, જેથી તે આવીને ભરપૂર સ્નેહ-સુખ લૂંટાવે અને સંબંધ સુખની આશા પૂર્ણ કરે. તેને વાસ્તવિક સ્વરૂપે જાણતા ન હોવા છતાં, માત્ર તેની સર્વશ્રેષ્ઠ રચનાના ઘણા સ્વરૂપો (શ્રી કૃષ્ણ, જગતજનની માં મહાકાળી વગેરે) ને તેમનું જ સ્વરૂપ માની, ભક્તોએ તેને વિવિધ સંબંધો સાથે યાદ કરીને ભગવાનની પૂજા કરી.

"જેવી જેમની ભાવના, એવા પ્રભુને જોયા" એ કહેવત મુજબ, પરમદયાળુ કૃપાળુ ભગવાને પણ જેવી જેમની ભાવના, એવી તેમને ભાસના કરાવી. સ્વામી રામકૃષ્ણએ પરમાત્મા સાથે જગતજનની મહાકાળીનાં રૂપમાં મા નો સંબંધ જોડ્યો, તો પરમાત્મા પાસેથી માતાનો અખૂટ પ્રેમ મળ્યો. પતિપ્રેમની પ્યાસી ભક્તશિરોમણી મીરાએ ગિરધર ગોપાલને પરમપુરુષ પરમાત્મા માનીને પતિનો સંબંધ જોડ્યો, તો પ્રભુએ મીરાને કૃષ્ણના સાક્ષાત્કાર કરાવી પતિપ્રેમની પૂર્તિ કરી. શ્રીકૃષ્ણના રૂપમાં સુદામાએ ભગવાનને મિત્ર માન્યા તો માતા યશોદાએ તેમને પુત્રના રૂપમાં મેળવ્યા. કેશવ, શ્રીમત (શ્રેષ્ઠ મત) આપી મોહથી મુક્તિનો મંત્ર આપવાવાળા કેશવ, અર્જુનને માટે ગીતા જ્ઞાન દાતા-સદગુરુ અને શિક્ષક સાબિત થયા. ચીરહરણના સમયે દ્રૌપદીએ ભાઈના રૂપમાં હાકલ કરી તો શ્રીકૃષ્ણએ સાડીઓની મદદ કરી લાજ બચાવી. પ્રહલાદને દરેક કસોટીમાં કાલના ગાલથી બચાવનાર નારાયણે જીવનરક્ષક પિતાની ફરજ બજાવી.

બાળપણમાં બાળકની બાળહઠ પૂરી કરવા પિતા ઘોડો બની જાય છે. તેવી જ રીતે, ભક્તવત્સલમ ભગવાન ભક્તોની મનોકામના પૂરી કરવા દેવતાઓના દર્શન કરાવતાં રહ્યા. પરંતુ હવે સાક્ષાત્કાર દ્વારા નહીં .. પણ સાક્ષાત બ્રહ્મા તનમાં અવતરિત થઈ એ સ્નેહસાગર તમામ સંબંધોનું સુખ લૂંટાવી રહ્યા છે. ઇન્દ્રિય સુખોથી ભિન્ન અતીન્દ્રિય સુખનું અમૃતપાન કરાવી રહ્યા છે. માતૃ સ્નેહથી ભરપૂર, નિઃસ્વાર્થ સ્નેહ-સુધારસ વરસાવી રહ્યા છે. ફક્ત હૃદયનાં ખરાં-સાફ ભાવથી તેને મારાં કહેવાની વાર છે! તેઓ ભલે દેહથી ન્યારા અશરીરી, વિદેહી છે પણ અનુભૂતિ એવી કરાવે છે કે, હૃદયવીણાનાં તાર રણકીને ગાઈ ઉઠશે "તુમ તો યહીં કહીં બાબા, મેરે આસપાસ હો-આતે નજર નહીં પર મેરે સાથ સાથ હો" (તમે તો બાબા અહીં ક્યાંક મારી આસપાસ છો - નજરમાં નથી આવતા પણ મારી સાથે સાથે છો) લાખો કરોડો દિલોની ધડકન તેમનાં પ્રેમનો જલવો જોઈ ચૂકી છે.

ખરું કહું તો, બિનશરતી પ્રેમ આપી હંમેશા સાથ નિભાવવાવાળા એક જ સાચા માશૂક છે પ્રભુ પ્રિયતમ. એજ તો એક બહુરૂપી છે જે જ્યારે પણ ઈચ્છે, જ્યાં ઈચ્છે ત્યાં તે સ્વરૂપમાં સંબંધોના સુખની માંગ પૂરી કરે છે. જ્યાં સુધી તેનાં સાથનો અનુભવ કરવા માંગો તે કરાવી શકે છે, તેથી તે દિલારામને જીવનસાથી બનાવવો એ જ સાચી આધ્યાત્મિક સાધના અને શિવની ઉપાસના છે. તેથી, હે યોગમાર્ગના યોગીઓ, હવે શાની રાહ છે? ચાલો આપણે દુઃખદાયક દેહ-દુનિયાથી મોં ફેરવીએ, શારીરિક સંબંધોના બંધનો તોડીએ, સત્યમ-શિવમ-સુંદરમ સાથે જોડાઈએ અને દિલમંદિરમાં સ્નેહસિંધુ-જ્યોતિબિંદુ શિવની સામે ભગવાનના પ્રેમનો દીવો પ્રગટાવીએ અને સર્વ સંબંધોની મીઠી સેક્રીન શિવબાબાથી મન-બુધ્ધિનો તાર જોડી જન્મો-જન્મની તરસ છીપાવીએ.

અનુવાદ : **બ્ર.કુ. વિજય પોશિયા,** ઈન્ડિયા કોલોની, અમદાવાદ. **॥ઓમશાંતિ॥**

# ખુશી

## બ્ર.કુ. જડીબેન, ધનપુરા

જીવન તો સૌ કોઈ જીવે છે પણ જીવન જીવવાની સાચી કળા શીખવી હોય તો પ્રજાપિતા બ્રહ્માકુમારી સંસ્થામાં આવો. ઘર ગૃહસ્થમાં રહી પરમાત્માને કેવી રીતે યાદ કરી શકાય. તેનો જાતે જ અનુભવ કરો. પવિત્ર રહેવા માટે ઘર છોડવાની જરૂર નથી. ઘરમાં જ રહી તમામ તોડ નિભાવતાં નિભાવતાં ખુશીનો અનુભવ કરી શકો છો.

આ પતિત દુનિયામાં ક્યાંય પણ શાંતિ નથી જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટાચાર, પાપાચાર, બળાત્કાર, છેતરપીંડી, અસત્ય, ચોરી, વ્યભિચારી અને અહંકાર જોવા મળે છે. એવામાં માણસના જીવનમાં ખુશી ક્યાંથી હોય? પણ હા આનો ઉપાય પણ બાબાએ બતાવ્યો છે. આપણે બધા સંસારી છીએ સંસારમાં રહી ખુશી જાળવવી મુશ્કેલ તો છે પણ નામુમકિન નથી.

દરેક કાર્ય પરમાત્માની યાદમાં રહી કરીએ તો તેનું પરિણામ સારું જ આવે છે. પરમાત્માએ આપણને જે આપ્યું છે તેમાં જ સંતોષ માનવો જોઈએ. કહ્યું છે કે 'સંતોષી નર સદા સુખી' અને સંતોષ હશે તો ખુશી રહેશે.

આપણી ખુશી નિરંતર કેમ નથી રહેતી? આડોસ-પડોશ કે વ્યવહાર કે ધંધામાં આપણાથી કોઈ ચડિયાતું હોય તો તેની અદેખાઇ કે ઈર્ષ્યા આવે છે અને આપણી ખુશી ઉદાસીમાં ફેરવાઈ જાય છે. આવે સમયે કર્મનો સિદ્ધાંત યાદ કરવો કે જેનું જેવું કર્મ હશે તેવું ફળ મળશે. આમ વિચારશો તો સંતુષ્ટ રહી શકશો. દરેકને પોત પોતાના ભાગ્ય પ્રમાણે મળતું હોય છે. એટલે તો ભાગ્ય વિધાતા આપણું ભાગ્ય બદલવા આવી ચૂક્યા છે. 21 જન્મનું રાજ્ય ભાગ્ય મેળવી ખુશીનો ખજાનો, મેળવી શકો છો.

'ખુશી જેવો કોઈ ખોરાક નથી.'

'મુસીબત તો દરેકના જીવનમાં હોય છે તેનાય રસ્તા હોય છે પણ તે રસ્તા તેને મળે છે જેના ચહેરા હસતા હોય છે.'

ખુશી તો આપણી જ પાસે છે. આપણા વ્યવહારમાં આપણી વાણીમાં વર્તનમાંથી ખુશી મળે છે એને બીજે ક્યાંય શોધવાની જરૂર નથી. આપણામાં જ જોવાની જરૂર છે. એક દૃષ્ટાંત આપું છું. જેનાથી આપણને ખુશીનું મહત્ત્વ સમજાશે.

એક ગામમાં એક યુવાન રહેતો હતો. બેકાર હોવાથી જીવનથી કંટાળી ગયો. લોકોનું પણ તેની સાથેનું વર્તન બરાબર ન હોવાથી ઘર અને સમાજથી કંટાળી છેલ્લે એને આપઘાત કરવાનો નિર્ણય કર્યો. એક દિવસ સાંજના સમયે આપઘાતના ઈરાદે જતો હતો તેવામાં રસ્તામાં તેનો જૂનો દોસ્ત મળ્યો. તેનો દોસ્ત બોલ્યો અરે યાર અત્યારે તું ક્યાં જાય છે? તે ઉદાસીથી બોલ્યો ક્યાંય નહીં યાર મને જવાદે. પેલો મિત્ર બોલ્યો ના યાર અહીં આવ તું આટલો ઉદાસ અને હતાશ કેમ છે. તારા મનની સાચી વાત મને કહે એ યુવાન રડી પડ્યો બધી જ વાત કરી અને કહ્યું મિત્ર મારી સાથે હસીને કોઈ વાત જ નથી કરતુ મને જોઈને જ મોં ફેરવે છે તો મારે બીજું કરવું શું

આજ કોઈ મારી સાથે હસીને વાત કરે તો હું મારો નિર્ણય બદલું. મિત્રે હસીને સમજાવ્યું અને યુવાને તેનો નિર્ણય બદલી કાઢ્યો. તો તમને પણ સમજાયું હશે કે ખુશી યાને આનંદનું જીવનમાં

(અનુસંધાન પેજ નં. 21 પર)

## દિવ્યદર્શન

# સ્નેહની સરવાણી

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

મનુષ્ય સમાજનું નિર્માણ તેવી રીતે કરવામાં આવ્યું છે કે તેમાં અરસ-પરસ હળીમળીને રહેવાથી અને સદ્‌ભાવોની સ્થિરતા જાળવવાથી જ જીવનક્રમનું યોગ્ય રીતે ચાલતું રહેવું શક્ય બની શકે છે. માટે તેવું જોવામાં આવે છે કે જે વ્યક્તિના જેટલા વધુ સ્નેહી, મિત્ર, સ્વજનો અને સહયોગીઓ હોય છે. તે એટલો વધારે પ્રસન્ન રહે છે અને એટલી વધુ પ્રગતિ પણ કરે છે. તથા જે વ્યક્તિ દુશ્મનોથી ઘેરાયેલો રહે છે. તેને ચારેબાજુથી નિંદા, ઉપેક્ષા અને તિરસ્કાર જ મળે છે, તેને કોઈ મહત્ત્વપૂર્ણ પ્રગતિ કરવી અસંભવ બની જાય છે. પછી ભલે તે ગમે તેટલો બુદ્ધિવાન કેમ ન હોય? એટલે કહેવતમાં પણ કહ્યું છે કે તમે જીવનમાં કેટલું ધન કમાણા એ મહત્ત્વનું નથી. પરંતુ તમારા જીવનમાં લાંબા સમય સુધી ટકાવેલા કેટલા સંબંધ તમે જાળવ્યા તે મહત્ત્વનું છે. મહાપુરુષોના મતાનુસાર, દરેક માણસે ઓછામાં ઓછા ચાર એવા લોકોને પોતાના જીવનમાં અવશ્ય રાખવા જોઈએ કે, જે તેને છેલ્લે સ્મશાન સુધી તો પહોંચાડી શકે. કહેવાનો ભાવાર્થ એ છે કે, જો આપણે ધન કે બીજી બધી વિનાશી ચીજ-વસ્તુઓની પાછળ ભાગવાને બદલે સારા અને સાચા સંબંધોની પાછળ પોતાનો સમય આપીશું તો આપણું જીવન અત્યંત નફાકારક બની જશે.

કહેવાય છે કે, સુખ જો પોતાના સ્નેહીઓ સાથે મળીને માણવામાં આવે તો એનો આનંદ બે ગણો થઈ જાય છે અને દુઃખના સમયે જો પોતાના સ્નેહીઓનો સાથ-સંગાથ મળી જાય તો દુઃખ પણ અડધું થઈ જાય છે. આજે માત્ર અફસોસ એ વાતનો છે કે વર્તમાનમાં ભૌતિકવાદની પાછળ દોડમાં ભાગતા, ગળાકાપ મોંઘવારીના આ યુગમાં શિક્ષાના વર્તમાન સ્વરૂપે લોકોની માનસિકતા અને માન્યતાઓને એટલી હદે બદલી દીધી છે કે સંબંધોની અગત્યતા પર આજે એક મોટો પ્રશ્ન લાગી ગયો છે.

50 વર્ષ પૂર્વેના સામાજિક વાતાવરણમાં જે પોતાપણાની ગરિમા દેખાતી હતી, એ ગરિમાની ઉષ્માનો વર્તમાનમાં અભાવ છે. બદલાવની આ દોડાદોડીવાળા સમયમાં સંબંધોમાં શિથિલતા આવી ગઈ છે. આજની નવી પેઢી સામાજિક પરંપરાઓને હવે રૂઢિવાદી પરંપરા માનીને એને ખૂબ આસાનીથી ટાળતા શીખી ગઈ છે. સંયુક્ત કુટુંબની આપણી ભાવના હવે એકલ કુટુંબમાં બદલાઈ ગઈ છે. જ્યાં પહેલાં એક કુટુંબમાં 5-6 બાળકો હસતાં-રમતાં જોવાં મળતાં, ત્યાં હવે આજે માત્ર બે કે હવે તો એક જ બાળક જોવાં મળે છે. અને હા, આગળ જતાં તો કદાચ લોકો બાળકોને જન્મ આપવાનો વિચાર પણ નહીં જ કરે. એટલે કે સમાજમાંથી લગ્ન નામની સંસ્થા નાબુદ જ થઈ જશે. આવા વાતાવરણમાં તો હવે એવું લાગે છે કે, સંબંધોની ડોર ધીમે-ધીમે કપાઈ રહી છે, અને એક સમય એવો આવશે કે ભાઈ-બહેન, કાકા-મામા, માસી-ફોઈબા જેવા સંબંધો જોવા કે સાંભળવા પણ નહીં મળે. માત્ર કાગળો પર નિશાનીઓ રૂપે જ રહી જશે.

શું આપણા રાષ્ટ્રપિતા બાપુ મહાત્મા ગાંધીએ આવા રામરાજ્યની કલ્પના કરી હતી? જે દેશની આઝાદીની માટે આપણા પૂર્વજોએ પોતાના

જીવનની પણ આહુતિ આપી દીધી, શું એમને આપણે તેમના બલિદાનનું આ ફળ આપી રહ્યા છીએ? આધુનિક સમાજમાં જીવવાવાળા માતા-પિતા તેમજ શિક્ષકોની જવાબદારી આજે એ હોવી જોઈએ કે, તેઓ પ્રતિસ્પર્ધાના આ યુગમાં પોતાનાં બાળકોને ઉચ્ચ શિક્ષિત કરતા પહેલાં સંસ્કારોનો પાઠ પાકો કરાવે અને એમના જીવન વિકાસની જમીનમાં નૈતિકતાનું બીજારોપણ કરે.

ભવિષ્યમાં આવનારો સમય અનેક પ્રકારની પ્રતિકૂળતાઓથી ભરેલો રહેશે, એવા સમયે એ ખૂબ જ જરૂરી થઈ જાય છે યુવાનોને દૃઢતા સાથે ઉભા રહેવા, મુસીબતોનો મુકાબલો કરવામાં, પરિસ્થિતિઓ પર વિજય મેળવવા માટે હિંમતનો પાઠ ભણાવવામાં આવે અને અધ્યાત્મના મહત્ત્વને તેમના જીવનમાં અચૂક વધારવામાં આવે. યાદ રહે, જો સમાજમાંથી સંબંધોની મીઠાશને ખતમ કરી દેવામાં આવશે તો સંપૂર્ણ સમાજ ઝેરી બની જશે. અતઃ હવે સમજદારી એમાં જ છે કે, આપણે ભાવી પેઢીને પરસ્પર સ્નેહ સંબંધ રાખતા શિખવાડીએ, જેથી તેઓ એક સુખમય અને શાંતિમય જીવન જીવી શકે. ગીત - યોગી જીવન જી કર દેખો.

**॥ ઓમશાંતિ ॥**

- **મનસા સેવા માટે તપસ્વીમૂર્ત બનો. તપસ્વીરૂપની દૃષ્ટિ પણ સેવા કરે છે. એનો શાંત સ્વરૂપ ચહેરો પણ સેવા કરે છે. તપસ્વીમૂર્તના દર્શન માત્રથી પણ પ્રાપ્તિની અનુભૂતિ થાય છે.**
- **તમે જાણો છો કે આત્મા આ શરીરરૂપી ઘરમાં આવીને પાર્ટ ભજવે છે આત્મા એક શરીર છોડીને બીજું લે છે. પાર્ટ (પાત્ર) ભજવે છે.**

**(પેજ નં. 32નું અનુસંધાન)... કુશળ પ્રશાસન**

આધારે જ સહયોગની ભાવના જાગૃત કરવી જરૂરી છે. સહયોગ જ સફળતા અને એકબીજાની દિલની દુઆઓનો આધાર છે.

### જવાબદારી

આજની પરિસ્થિતિમાં કર્મચારી, અધિકારી વગેરે સર્વ વર્ગોમાં સ્વાર્થ અને લોભવૃતિ વધતાં જવાબદારીની ભાવના ઓછી થઈ છે. કાર્ય પ્રત્યે ઉદાસીનતા અને બેદરકારી વધી છે. આ એક ખતરનાક સ્થિતિ છે. એટલા માટે જો પ્રશાસક સ્વયં જવાબદાર બનીને કાર્ય કરશે તો તે બીજાઓમાં જવાબદારી અને કર્તવ્યનિષ્ઠાનો ભાવ અદા કરી શકે છે.

### સ્વતંત્રતા

મનુષ્ય સ્વભાવથી સ્વતંત્ર રહેવા માટે ટેવાયેલો છે. એટલે પ્રશાસકોની જવાબદારી છે કે તે પોતાના હાથ નીચેના અધિકારીઓ, કર્મચારીઓ માટે એવું વાતાવરણ બનાવે જેમાં કોઈ ગૂંગળામણ, દબાણનો અનુભવ ના કરે. ત્યાં એના અધિકારોની સુરક્ષા અને કલ્યાણનો પૂરો પ્રબંધ હોય તો તેઓ અપેક્ષાથી અધિક ઉત્સાહથી કાર્ય કરી શકે છે.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 34નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ**

પ્રાણીઓ એ નથી જાણતા કે મનની શાંતિ વગર સમસ્ત ધન - સંપદા અને પ્રાપ્ત કરેલી તે તમામ સંપત્તિ વ્યર્થ સિદ્ધ થાય છે.' વિષ્ણુજીનો ઉત્તર સાંભળીને મહાલક્ષ્મીજી હસવા લાગ્યાં અને કહ્યું કે સાચે જ મનની શાંતિ મૂલ્યવાન નિધિ છે.

**॥ ઓમશાંતિ ॥**

# નાતાલ - ખ્રિસ્તીઓનો મહાન પર્વ

બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

જેમ હિન્દુઓ માટે દીપાવલી, મુસ્લિમો માટે રમઝાન અને ઈદના પર્વો મહામૂલા હોય છે તેમ ખ્રિસ્તી બંધુઓને મન નાતાલ - ૨૫મી ડિસેમ્બર થી ૧ લી જાન્યુઆરીના નૂતન વર્ષ સુધી, સપ્તાહ પર્યંતનો ઉત્સવ જીવનને ખુશીઓથી ભરપૂર કરી દેનારો છે. સમગ્ર વિશ્વમાં અનેક રાષ્ટ્રોમાં ફેલાયેલી ખ્રિસ્તી પ્રજા નાતાલ અને નવા વર્ષની ઉજવણી કરીને જીવનને નવી ખુશી, તાજગી અને ઉમંગ-ઉત્સાહની લહેરથી ભર્યું ભર્યું બનાવી દે છે.

## ઉજવણીની આગવી રીત

સૌ સાથે મળીને ખ્રિસ્તી ધર્મનાં બાંધવો ચર્ચ તેમજ પોતાની શેરી યા સોસાયટીના મેદાનમાં 'ક્રિસમસ ટ્રી'ની રચના કરે છે. આ સુંદર વૃક્ષની ડાળીએ રંગબેરંગી વીજળીનાં બલ્બ ગોઠવી સુશોભન કરે છે. ઉપરાંત ઈશુ ખ્રિસ્તના જીવન પ્રસંગોમાંથી કેટલાંક વિશેષ પ્રસંગોની ઝાંખીઓ સુંદર - મઝાના પૂતળાં બનાવીને, સજાવીને પ્રદર્શિત કરે છે, જેમ કે (૧) છાણ માટીથી ભરેલા ગમાણમાં પવિત્ર - વર્જિન કન્યા મેરીના કૂખે થયેલ ઈશુનો જન્મ.(૨) બાળ ઈશુ પર વહાલ વરસાવતી માતા મેરી, પાલક પિતા જોસેફ અને અન્ય (૩) પ્રભુના પ્રિય પુત્ર ઈશુનો જન્મ થયાની અગમ જાણથી ઈશુના દર્શન કરવા નીકળેલ સંતો અને તેમને દિશા દર્શાવતો ચમત્કારિક સિતારો (૪) વધ સ્તંભ પર ઈશુને હાથે-પગે-કપાળે અને છાતીમાં ખીલા ઠોકી મારવામાં આવ્યા તે દૃશ્ય અને દુઃખી લોકો (૫) વધના આગલા દિવસે શિષ્યોને દર્શન દઈ ઉપદેશ આપતા ઈશુના ગિરિપ્રવચનની ઝાંખી.

આ જીવન પ્રસંગોને આકર્ષક અને આબેહૂબ રીતે પ્રદર્શિત થતા જોઈને આબાલવૃદ્ધ સૌ નરનારીઓ તથા બિનખ્રિસ્તીઓ પણ પ્રસન્ન થયાં વિના રહેતાં નથી. ક્રિસમસ ટ્રી એ કલ્પવૃક્ષાની યાદગાર છે, જેનો ઉલ્લેખ ભગવદ્ગીતામાં થયેલો છે, જેમાં સર્વ આત્માઓની સત્યુગથી કળિયુગ સુધીની અવસ્થાનું રહસ્ય સમાયેલું છે. આ ચૈતન્ય આત્માઓના વૃક્ષનું બીજ એટલે સ્વયં પરમાત્મા.

## સાન્તાક્લોઝ - એક અનોખી યાદગીરી

નાતાલના દિવસોમાં લાલ લાંબો ડગલો અને માથા પર ફૂમતા વાળો લાલ કે ભૂરો ટોપો પહેરેલ અને લાંબી રૂ થી બનેલ ધવલ દાઢી ધારી વૃદ્ધ સાન્તાક્લોઝને હરતો ફરતો અને બાળકોને ચોકલેટ્સ વહેંચતો જોવો એ વિશેષ અજાયબી છે. ખ્રિસ્તીબંધુઓની માન્યતા મુજબ સાન્તાક્લોઝ એક દેવદૂત યા ફરિશ્તો છે, જે સૌની, વિશેષ બાળકોની મનોકામના પૂર્ણ કરે છે. નાતાલના અને નવા વર્ષના શુભ તહેવારોમાં તે સાક્ષાત હાજર થાય છે અને બાળકોને મનગમતી ભેટ-સોગાદો આપે છે. નાના બાળકો નવા વર્ષે સવારે ઊઠીને જુએ છે તો તેમના પલંગ નીચે અને ઓશિકા હેઠળ ચોકલેટ્સ, મિઠાઈના પેકેટ્સ અને મનગમતાં રમકડાં જોઈને ચોંકી જાય છે. તેઓનાં માતા-પિતા કહે છે કે સાન્તાક્લોઝ આવીને ચૂપચાપ આ ભેટો મૂકીને ચાલી જાય છે. ભોળા બાળકો આ વાત માની લે છે. પછી મોટાં થયે સમજતાં થશે કે આ કામ તો તેમના મા બાપે જ કરેલું ! આ નાનકડી મજાની યાદગીરીનું રહસ્ય સમજવા જેવું છે. વર્તમાન કળિયુગની વિદાય વેળા અને નજદીક ભવિષ્યમાં આવનાર સ્વર્ગ યા

સતયુગના આગમન વચ્ચેના અત્યારના સંગમ સમયે ભાગ્ય વિધાતા બ્રહ્મા દ્વારા સુપ્રિમ ગોડ ફાધર (પરમપિતા પરમાત્મા) આત્માઓનું આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગની વિદ્યા દ્વારા નવસંસ્કરણ કરે છે. પરમાત્મા તો પ્રકાશ-જ્યોતિબિંદુ સ્વરૂપે છે, તેથી પ્રજાપિતા બ્રહ્માને માધ્યમ બનાવીને સ્વર્ણિમ સતયુગી ભાગ્યના અધિકારની સોગાદ આપે છે. જેની સ્મૃતિ ખ્રિસ્તી ધર્મમાં સાન્તાક્લોઝ દ્વારા બાળકોને અપાતી નાનકડી ભેટો દ્વારા સચવાયેલી છે. પરમાત્માનો જન્મ નથી, તેથી ખ્રિસ્તી ધર્મમાં પણ ચર્ચમાં પરમાત્માનું સ્વરૂપ પ્રકાશરૂપે જ દર્શાવવામાં આવે છે. આત્માનું સ્વરૂપ પણ સિતારા સમાન છે. પરંતુ આત્માઓ જન્મ લે છે, તેથી પ્રભુના પુત્રરૂપે 'ઈશુ'નો જન્મ બતાવ્યો છે. ઈશુ પોતે ભગવાન કે પ્રભુ નથી. હિન્દુ ધર્મમાં એક પરમાત્માને ગીતામાં અજન્મા, અવ્યક્ત, અદૃશ્ય તથા પ્રકાશ સ્વરૂપે વર્ણવ્યા હોવા છતાં શ્રીકૃષ્ણ અને અનેક દેવી-દેવતાઓને ભગવાન માની પૂજા-આરતી કરવામાં આવે છે, દેવી-દેવતાઓ તો શિવ પરમાત્માની રચના અને સતયુગના સતોપ્રધાન આત્માઓ-પાર્ટધારીઓ છે. દેવી-દેવતાઓના પણ સર્જક તો એક પરમાત્મા જ છે.

ઈશુ ખ્રિસ્તને બે હજાર વર્ષ પૂર્વે લોકોને ધર્મ વિરુદ્ધનો ઉપદેશ આપી ગેરમાર્ગે દોરવાના ધર્માધિકારીઓના જૂઠા આક્ષેપોને માની લઈને તે સમયના સુલતાને જુલ્મપૂર્વક વધસ્તંભ પર ખીલા ઠોકી મારી નાંખવાનો હુકમ કરેલો. ખરેખર તો ઈશુ પયગંબર પોતાના ઉપદેશો દ્વારા દીન-દલિતોને હૂંફ, રાહત અને સાંત્વના આપતા હતા. હાથના સ્પર્શમાત્રથી તેઓ બીમારોને સાજા કરતાં. તેમનો ઉપદેશ ખૂબ સરળ, શોષિત ને ઘવાયેલ માનવોને આશાયેશ આપી મલમપટ્ટા લગાડે તેવો તથા મોટે ભાગે વાર્તાઓ દ્વારા હતો.

ઈશા, મૂસા, કૃષ્ણ, કબીર વગેરે સંસારના લગભગ તમામ પીર પયગંબરોએ દીન દુઃખિયાનાં તેમજ અધિકાર વંચિતોના કષ્ટ હરીને ઈશ્વરનો પયગામ આપી રાહત પહોંચાડી છે. આ બધા જ પયગંબરોએ (સિવાય બુદ્ધ, મહાવીર) ગરીબી અને કષ્ટમાં જ ઉછરીને દુઃખો સહન કર્યાં છે. તેથી તેઓ દીનદુઃખીઓના દિલમાં પણ સમાયા. લોકોને પોતાના લાગ્યા.

ઈશુના પયગામ અનુસાર ઈશ્વર ગરીબોનો બેલી અને અનાથનો નાથ છે. અન્યનાં દુઃખો જેઓ દૂર કરે છે તેના પર પ્રભુ રાજી રહે છે. ખ્રિસ્તી ધર્મની કેથોલિક નર્સો ગામડે-ગામડે જઈ, ઝૂંપડપટ્ટીમાં ફરીને માંદાની માવજત દિલથી કરે છે. પાદરીઓ આફ્રિકાના જંગલોના ગામોમાં જઈ દર્દીઓની શુશ્રૂષા કરે છે. હોસ્પિટલો અને શાળા-કોલેજોમાં શિક્ષણ આપે છે કારણ કે તેઓ પણ જાણે છે કે જનસેવા એજ પ્રભુને પસંદ છે. મધર ટેરેસાની સેવાઓનું દૃષ્ટાંત કેવું ઉજ્જવળ છે ! એક વિદેશી કન્યા ભારતમાં આવીને અનાથ, બાળકો અને દીન-દુઃખિયા માટે જીવનનું બલિદાન આપવા પોતાના જેવી સેંકડો નન્સને (સાધ્વીઓને) તૈયાર કરે એ ખ્રિસ્તી ધર્મના બે આદર્શો - સેવા અને પ્રેમનું જીવંત દૃષ્ટાંત છે.

## ઈશુનો ઉપદેશ

ગુજરાતમાં જન્મેલા સાચા, દેશપ્રેમી, માનવતા પ્રેમી અને ગાંધી વિચાર ધારાના સમર્થક સ્વામી આનંદે લખેલા 'ઈશુ ભાગવત' નામે પુસ્તકમાં ખૂબ જ સરળ સત્ય ગ્રામ્ય લોકબોલીમાં ઈશુના ઉપદેશની હૃદયંગમ વાતો લખી છે. તેમાંના કેટલાંક અંશ વાંચો.

'તું તારી જાતને જેટલો પ્રેમ કરે છે, તેટલો પાડોશી (અન્ય)ને પણ કર. કોઈ તને ગાલે મારે તો તું ડાબો ગાલ ધરી દેજે, કોઈ તમને દુઃખી કરે

તેનુંય ભલું ઈચ્છજે. વેરીને ય વહાલાં ગણજો, ગાળ દે તેનેય મીઠાં વેણ સંભળાવજો. તમારી ખેંધે પડે એના ય ભલા સારું પ્રભુને વિનવજો. હે મારા બાંધવો, આવા થાઓ ત્યારે જ તમે પ્રભુના વહાલાં થાશો, ને તમારું મહાત્મ્ય થશે. તમે સૌ ડુંગરાના દીવા છો. આખીય ધરતી પર અજવાળાં પાથરજો, કોઈ જીવની હિંસા કરશો મા. જો કોઈ પોતાના બાંધવો જોડે લડવાડ કરશે ને તેનું વાંકુ દેખશે એ નરકે જાશે. 'જેવા સાથે તેવાં' નથી થવાનું પણ 'ભૂંડાં હાર્યે ભલાં થજો.'

'હે મારાં સંતો, દાનપુણ્યના દેખાડા કરજો મા, તમારો જમણો હાથ આપે એની ડાબા હાથને ખબર પડવા દેશોમા, આટલી વાત નિશ્ચે કરીને માનજો કે સોયના નાકામાંથી સાંઢ્યો ભલે હાલ્યો જાય, પણ મારા પ્રભુને દ્વાર તો લખમીવંતા લોભિયાંને પાપિયાંને ઊભવા મળવું ય દોયલું છે.'

'ખાલી રામનું નામ લીધાથી પ્રભુ રાજી નહિ થાય પણ જેણે દીન-દુઃખિયાને, બળ્યાં-ઝળ્યાંને દિલાસા લીધા હશે, નોંધારાને આશરો દીધો હશે, તેને જ મારો પ્રભુ બાથમાં લેશે. હું દીન-દુઃખિયાને દિલાસો દેવાને પાપીઓના ભાર ઉતારવા આવ્યો છું. પ્રભુનું રાજ નક્કી આવશે ને તમારા જીવનમાં સોનેરી સૂરજ ઊગશે.'

**સમયના એંધાણ**

વિશ્વના ઘણાં રાષ્ટ્રો પાસે અણુશસ્ત્રોની ભરમાર છે. એ ભસ્માસુર વર્તમાન કળિયુગી સૃષ્ટિને ખતમ કરશે. ત્યારબાદ નજદીક ભવિષ્યમાં ભારતમાં સુવર્ણયુગી - સતયુગી દેવાત્માઓની સૃષ્ટિનો સૂરજ ઉદય પામશે. આજ ઈશ્વરીય નિયતિ છે. ઈશુએ, મહર્ષિ અરવિંદ ઘોષે તથા અન્ય ધર્મોએ પણ હેવન, જન્નત, બહિશ્ત, સ્વર્ગ, વૈકુંઠ, શિવાલય - જેવા શબ્દો દ્વારા સતોપ્રધાન દૈવી સંસ્કૃતિનો ઉલ્લેખ કર્યો છે જ.

પાંચ હજાર વર્ષ પહેલાં ભારતમાં શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણની સુખ-શાંતિ-અહિંસા અને સમૃદ્ધિથી સભર રાજધાની હતી. એ સતયુગ અને ત્રેતાયુગ બંને વીતી ગયા પછી રજોપ્રધાન રાજાઓનો (વિક્રમાદિત્ય, ચંદ્રગુપ્ત, અશોક વગેરે) દ્વાપર યુગ પણ સમાપ્ત થઈ ચૂક્યો. અનેક પયગંબરોએ એ ધર્મોની સ્થાપના કરી છતાં ભ્રષ્ટાચારી કળિયુગના પગરણ થયા. કળિયુગમાં માનવીએ ધર્મભ્રષ્ટ - કર્મભ્રષ્ટ થઈને દુર્દશા પ્રાપ્ત કરી. ફરીથી પુનઃ પરમાત્મા વર્તમાન ધર્મગ્લાનિના સમયે સ્વયં અવતરણ કરીને સતયુગી સંસ્કાર પ્રગટાવવા આત્માઓને રાજયોગના માર્ગે બ્રહ્માને માધ્યમ બનાવીને, આહ્વાન આપી રહ્યા છે. સૃષ્ટિચક્રના શાશ્વત નિયમ અનુસાર કળિયુગના અંત બાદ દૈવી સંસ્કૃતિનો આરંભ થશે. તે પૂર્વે વર્તમાન સમયમાં ઈશ્વરીય કર્તવ્યને તથા જીવનના શ્રેષ્ઠ લક્ષ્યને ઓળખી લો. પાંચ હજાર વર્ષના સૃષ્ટિચક્રને અંતે - ધર્મગ્લાનિના સમયે ભાગ્ય વિધાતા પરમાત્મા પિતા ગુપ્ત અવતરણ કરીને નૂતન દૈવી સંસ્કૃતિના સર્જનનું દિવ્ય કર્તવ્ય કરે છે ત્યારે શ્રેષ્ઠ ભાગ્ય બનાવવાની અણમોલ તક આવીને ઊભી છે. ભાગ્યશાળી આત્મા આવી ઊભેલી તકને અચૂક ઝડપી લે છે.

॥ ઓમશાંતિ ॥

**(પેજ નં. 14નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ**

કરી શકતી નથી. માની લો કે મારો હાથ કપાઈ જાય તો શારીરિક રૂપથી હું અપંગ છું. આ શરીર અપંગ થશે પણ હું ક્યાં છું. હું ભૃકુટિની વચ્ચે છું. હું અહીં બેસીને સકારાત્મક સંકલ્પ કરી શકું છું.

॥ ઓમશાંતિ ॥

# કુશળ પ્રશાસન માટે નૈતિક મૂલ્ય જરૂરી

બ્ર.કુ. નેહાબેન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

આધુનિક સમાજમાં દરેક ક્ષેત્રમાં મનુષ્યે ભૌતિક પ્રગતિ તો કરી છે પરંતુ તે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની મોટે ભાગે ઉપેક્ષા કરી રહ્યો છે. પછી તે શાસન, પ્રશાસન અથવા કોઈ પણ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો હોય. સૌમાં નૈતિક આદર્શોમાં પતન થયું છે. એના પરિણામ સ્વરૂપ જ સમાજમાં અવ્યવસ્થા, અનીતિ અને અન્યાય, આપસી વિવાદ, ઝઘડા તથા અનેક પ્રકારના ભ્રષ્ટાચાર અને અત્યાચારના પ્રશ્નો સામે આવી રહ્યા છે.

### કુશળ પ્રશાસન માટે જરૂરી મૂલ્યો -

### સદ્‌ભાવના

સર્વ પ્રત્યે ભેદભાવ રહિત શુભભાવના, કલ્યાણની ભાવના, સમતા અને સમાન હોવું જરૂરી છે. પ્રશાસકને કાર્યો કરતી વખતે અનેક પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં એણે પ્રત્યેક ધર્મ, જાતિ, સંપ્રદાયના લોકોનું સન્માન કરવું જરૂરી છે. સદા સર્વ ધર્મો પ્રત્યે સદભાવના રાખવી એની સાથે સર્વની સાથે સદ્‌ભાવનાપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. પ્રશાસકનો સદ્‌ભાવનાપૂર્ણ વ્યવહાર ઘણો પ્રભાવ પાડે છે.

### મધુરતા

તીરનો જખમ રુઝાઈ જાય છે પણ શબ્દોના જખમ રુઝાતા નથી. એટલે શિક્ષણ અને સજા પણ મધુરતા પૂર્ણ હોવાં જોઈએ. થોડું, ધીરે, મીઠું બોલવાથી મન એકાગ્ર અને શાંત રહે છે. શક્તિ વ્યર્થ જતી નથી. સૌ લોકો એનું સન્માન પણ કરે છે. ક્રોધ અને આવેગમાં કહેલી વાતનો મોટો પ્રભાવ પડે છે. સદા પોતાના હાથ નીચેના માનવો સાથે મધુર વ્યવહાર કરો.

### પ્રસન્નતા

પ્રશાસક જો પ્રસન્નચિત્ત છે તો તે લોકોની અડધી સમસ્યાઓ પ્રત્યક્ષ મુલાકાતથી જ દૂર કરી શકે છે. એનાથી લોકોને બીનજરૂરી ભય લાગતો નથી. પ્રસન્નચિત્ત વ્યક્તિ હમેશાં સાચો નિર્ણય લઈ શકે છે. બીજાઓને પણ એની પાસેથી પ્રેરણા મળે છે.

### પ્રેમ

કહેવાય છે કે પ્રેમ પથ્થરને પણ પાણી બનાવી દે છે. સૌથી મોટો સ્નેહ આત્મિક સ્નેહ છે. જે આપણી દૃષ્ટિ અને વ્યવહાર દ્વારા અભિવ્યક્ત થાય છે. સ્વાર્થરહિત પ્રેમ ભાવના જ જીવનને સુંદર અને મહાન બનાવે છે. પ્રશાસનમાં કાયદો તો છે પણ પ્રેમના અભાવને કારણે એનું પાલન થઈ શકતું નથી. પ્રેમથી બીજાઓના દિલો ઉપર શાસન કરી શકાય છે.

### સરલતા

પ્રશાસક માત્ર પ્રશાસક જ હોતો નથી પણ લોકોનો માર્ગદર્શક પણ હોય છે. એટલે એનું જીવન આદર્શ હોવું જોઈએ. સાદગી, સરલતા, ઉચ્ચ વિચાર, આ સદ્‌ગુણોથી જ આપણે બીજાઓને કંઈક શીખવાડી શકીએ છીએ. પ્રશાસકનો વ્યવહાર સરલ હોવાથી સાથેનો અધિકારી પોતાની સમસ્યા ખુલ્લા મને જણાવી શકે છે. સાથે એને કોઈ ભય રહેતો નથી. અધિકારીનો સરલતાપૂર્ણ વ્યવહાર સીધો પ્રભાવ પાડે છે.

## ન્યાય

જે પક્ષપાત રહિત અને સ્વાર્થ રહિત રહીને સૌથી સાથે ન્યાય કરે છે તે પ્રશાસક છે. એક મૂલ્યનિષ્ઠ પ્રશાસકનો સર્વ અધિકારી કર્મચારી પ્રત્યે એકસમાન વ્યવહાર હોય છે. તે સર્વના અધિકારોનો સમાન રૂપથી ન્યાય કરે છે. કોઈ પૂર્વગ્રહ કે અન્ય બાબતોને લઈને નિર્ણય નહીં લેવો જોઈએ. ન્યાય હમેશાં સચ્ચાઈ પર સાચો કરવો જોઈએ.

## જ્ઞાન

જે રીતે શરીરને ચલાવવા માટે અને કોઈ કાર્યને કરવા માટે ટેકનીકલ જ્ઞાન જોઈએ. એ રીતે મૂલ્યોના વિકાસ માટે પણ આધ્યાત્મિક જ્ઞાન જરૂરી છે. જ્ઞાનમાં શક્તિ છે, પ્રકાશ છે. જેનાથી દુર્ગુણોનું અંધારું દૂર થાય છે.

## શાંતિ

જો આપણે આત્મચિંતન કરીએ તો આપણને અનુભવ થશે કે હું છું જ શાંત સ્વરૂપ આત્મા. કહેવાય છે કે શાંતિમાં શક્તિ છે એટલે જ સર્વને શાંતિની જરૂર પડે છે. બીજાઓને અશાંત કરીશું. સાચો નિર્ણય પણ લઈ શકીશું નહીં. તેથી દિલોને જોડીએ. તોડીને ટુકડા ના કરીએ. પ્રત્યેક વ્યક્તિ પ્રેમપૂર્ણ, શાંતિપૂર્ણ રહેવા ઈચ્છે છે. શાંતિ સર્વને પ્રિય લાગે છે.

## સ્નેહ

પ્રયોગો દ્વારા એ જાણવા મળ્યું છે કે માત્ર દંડ અને કાયદાથી વ્યક્તિઓમાં પરિવર્તન આવી શકતું નથી. એક અધિકારી માટે પોતાની હાથ નીચેના માણસો પાસેથી અપેક્ષિત સહયોગ અને અનુશાસન માટે કાયદો અને નિયમો ઉપરાંત પ્રેમપૂર્ણ વ્યવહાર અને સ્નેહથી કામ લેવું જોઈએ. પ્રેમ માણસની નબળાઈ પણ છે અને એક ઉચ્ચ માનવીય મૂલ્ય છે. જે શાસકોમાં હોય તે જરૂરી છે.

## નમ્રતા

માનવ ભલે નાનો હોય યા મોટો સર્વ સાથે નમ્રતાનો વ્યવહાર બીજાઓને પોતાના બનાવવા અથવા એમના દિલને જીતવાને માટે અને સર્વનો સહયોગ લેવા માટે એક જાદુનું કામ કરે છે. પ્રશાસકો માટે નૈતિકમૂલ્ય હોવા ઘણાં જરૂરી છે. પ્રશાસકના નમ્રતાપૂર્ણ વ્યવહારથી પોતાને આધીન લોકો ગર્વનો અનુભવ કરે છે. સાથે તેઓ ખુશ અને સંતુષ્ટ રહે છે.

## એકતા

કોઈ પણ કાર્ય એકતા વિના સફળ થતું નથી. કોઈ તંત્ર યા એકમની ઉત્પાદકતા વધારવા માટે આપસી એકતા જરૂરી છે. જ્યારે વિચારો અને વ્યવહારમાં સત્યતા, સભ્યતા અને પવિત્રતા હોય ત્યારે જ એકતા આવી શકે છે. એકતા માટે એકબીજાના ગુણો પર અધિક ધ્યાન આપવું જરૂરી છે અને ભૂલોને માફ કરવી જરૂરી છે.

## પવિત્રતા

વ્યવહારમાં મન, વચન, કર્મની પવિત્રતા રાખવાથી જ આપણે કોઈ વ્યવસ્થાને સુખ-શાંતિમય બનાવી શકીએ છીએ. સાથે આપણા વિચાર પવિત્ર સુંદર અને સકારાત્મક થવાથી આપણે જે પણ કર્મ કરીશું તે પણ સુંદર, શ્રેષ્ઠ અને ફળદાયી હશે.

## સહયોગ

જેમ શરીરમાં સર્વ અંગોની પોતપોતાની વિશેષતા છે અને સર્વના તાલમેલથી જ જૈવિક ક્રિયાઓ સારી રીતે ચાલે છે. એ રીતે કોઈ એકમ અથવા સંગઠનમાં પ્રશાસકથી લઈને સાધારણ કર્મચારી સુધી સૌમાં સ્નેહ અને તાલમેલના

(અનુસંધાન પેજ નં. 27 પર)

# પ્રસંગ પરિમલ

## જો હું ના હોત તો

હનુમાનજીએ શ્રી રામને કહ્યું હતું પ્રભો, જો હું લંકામાં ન જતો, તો મારા જીવનમાં ઘણી મોટી ખામી રહી જાત. સૌથી પહેલાં વિભીષણનું ઘર મેં જોયું નહોતું ત્યાં સુધી મને લાગતું હતું કે લંકામાં ભલા સંત ક્યાંથી મળશે?

लंका निसिचर निकट निवासा
इहाँ कहाँ सज्जन घर बासा

પ્રભો, હું સમજતો હતો કે સંત તો બસ અહીં જ હોય છે. પણ જ્યારે લંકામાં હું સીતાજીને શોધી ના શક્યો પણ વિભીષણની મુલાકાત પછી એમણે મને ઉપાય બતાવ્યો, તો મેં વિચાર્યું કે જેને હું પ્રયત્ન કરવા છતાં, પણ શોધી ના શક્યો, એમને (સીતાજી) તો આ લંકાવાળા સંતેજ બતાવ્યાં. કદાચ પ્રભુએ એ બતાવવા મને મોકલ્યો હતો કે આ દૃશ્યને પણ જોઈ લઉં.

પ્રભુ જે સમયે અશોકવાટિકામાં રાવણ આવ્યો અને રાવણ ક્રોધમાં આવીને સીતામાને મારવા તલવાર લઈને દોડ્યો ત્યારે મને લાગ્યું કે હવે મારે કૂદકો મારીને એની તલવાર છિનવીને એનું જ મસ્તક કાપી લેવું જોઈએ પણ બીજી પળે મેં જોયું કે મંદોદરીએ રાવણનો હાથ પકડી લીધો અને હું ગદ્ ગદ્ થઈ ગયો.

અહો પ્રભુ, આપે કેવી શિક્ષા આપી જો હું કૂદી પડતો તો મને ભ્રમ થઈ જતો કે જો હું ના હોત તો શું થાત? મોટા ભાગની વ્યક્તિઓને એવો જ ભ્રમ થાય છે મને પણ લાગે છે કે જો હું ન હોત, તો સીતાજીને કોણ બચાવત? હવે આપ કેટલા બધા કૌતુકી છો. આપે એને બચાવ્યો જ નહીં પણ બચાવવાનું કામ રાવણની પત્ની મંદોદરીને જ સોંપી દીધું. જેને પ્રસન્નતા થવી જોઈએ કે સીતા મરે તો મારો ભય દૂર થાય. તો હું સમજી ગયો કે આપ એનાથી કામ લેવા ઈચ્છો છો. કોઈનું કંઈ મહત્ત્વ નથી. આગળ ચાલીને જ્યારે ત્રિજટાએ કહ્યું કે લંકામાં વાનર આવ્યો જ છે, તો હું સમજી ગયો કે અહીં તો બધાં સંત જ છે. હું આવ્યો અને અહીંના સંતને જોઈ લીધા. પણ એણે કહ્યું કે આ વાનર લંકા સળગાવશે તો બહુ ચિંતામાં પડી ગયો કે પ્રભુએ તો લંકા સળગાવવાનું તો કહ્યું જ નહીં. ત્રિજટા કહી રહી છે તો હું શું કરું. પણ પ્રભુ પાછળથી તો મને બધો અનુભવ થઈ ગયો.

રાવણની સભામાં હું એટલે બંધાઈને રહી ગયો કે બધું ફરીને મેં તો જોઈ લીધું જરા બંધાઈને જોઉં કે શું થાય છે. જ્યારે રાવણના સૈનિક તલવાર લઈને મને મારવા ચાલ્યા તો મેં પોતાને બચાવવાનો જરા પણ પ્રયત્ન ના કર્યો. પર જ્યારે વિભીષણે આવીને કહ્યું દૂતને મારવો તે અનીતિ છે, તો હું સમજી ગયો, જુઓ મને બચાવવાનો છે. તો પ્રભુએ આ ઉપાય કરી દીધો.

પહેલાં વિભીષણને જોઈને મનાવ્યું પછી સીતાજીને બચાવવાનાં છે, તો રાવણના ભાઈને મોકલ્યો. પ્રભુ આશ્ચર્યની પરાકાષ્ટા તો ત્યારે થી કે વાનરને મારવામાં નહીં આવે પણ એની પૂંછડીને તેલ લગાવેલું કપડું વીંટાવીને ઘી નાંખીને આગ લગાવવામાં આવે. તો હું ગદ્ગદ્ થઈ ગયો કે એ લંકાવાળી ત્રિજટાની વાત સાચી હતી. લંકાને સળગાવવા માટે હું ઘી, તેલ, કાપડ ક્યાંથી લાવત! ક્યાં શોધ કરત? તે વ્યવસ્થા પણ રાવણે કરાવી દીધી. જ્યારે આપ રાવણથી પણ આપનું કામ કરાવી લો છો, તો મને કરાવી લેવામાં આશ્ચર્યની ક્યાં વાત છે. એટલે યાદ રાખો કે સંસારમાં જે કંઈ

થઈ રહ્યું છે તે સર્વ કર્મવિધાન છે આપણે સૌ તો માત્ર નિમિત્ત છીએ.

## સર્વોપરી કર્તવ્ય

એક રાજા પંડિતો, વિદ્વાનોને મોટે ભાગે એક પ્રશ્ન કર્યા કરતો હતો કે સૌથી મોટું કર્તવ્ય શું છે? આ પ્રશ્નના ઉત્તરમાં વિદ્વાનોએ એમને વિભિન્ન ઉત્તરો આપ્યા. પણ કોઈનાય ઉત્તરથી રાજા સંતુષ્ટ થયો નહીં. રાજા એક દિવસ શિકાર કરવા જંગલમાં ગયો. એક જાનવરનો પીછો કરતાં તે રસ્તો ભૂલી ગયો. ભીષણ ગરમીને કારણે એને ચક્કર આવવા લાગ્યાં. શોધ કરતાં એને એક આશ્રમ દેખાયો. જ્યાં એક સંત ધ્યાનસ્થ હતા. રાજા એમને બોલાવતાં જ બેહોશ થઈ ગયો.

હોશમાં આવીને એમણે જોયું કે સંત એના મુખ પર પાણી છાંટી રહ્યા છે. રાજાએ વિનમ્રતાથી કહ્યું, 'મહાત્મન! આપતો સમાધિમાં લીન હતા. આપે મારા માટે સમાધિ ભંગ કેમ કરી?' સંતે રાજાને કહ્યું રાજન આપના પ્રાણ સંકટમાં હતા. આવા સમયે મારું ધ્યાનને બદલે આપની સહાયતામાં તત્પર થવું તે વધારે મહત્ત્વપૂર્ણ કાર્ય હતું. સમય અને પરિસ્થિતિ પ્રમાણે કર્તવ્ય નક્કી કરવું જોઈએ.

સંતના આ કથનથી રાજાની જિજ્ઞાસા શાંત થઈ ગઈ કે સર્વોપરી કર્તવ્યનો નિર્ણય પરિસ્થિતિને જોઈને જ કરી શકાય છે.

## અપેક્ષા જ દુઃખનું કારણ છે

કોઈ દિવસે એક માટલું અને ગુલદસ્તો સાથે ખરીદ્યાં અને ઘરમાં આવતાં જ 50 રૂપિયાનું માટલું જો ફૂટી જા તો આપણને એ વાતનું દુઃખ થાય છે કારણ કે માટલું આટલી જલદીથી ફૂટી જશે એવી આપણને કલ્પના નહોતી. પણ ગુલદસ્તાનાં ફૂલ જે 200 રૂપિયાનાં છે તે સાંજ પડતાં કરમાઈ જાય તો આપણે દુઃખી થતા નથી કારણ કે આવું થશે જ એની આપણને ખબર જ નહોતી.

માટલાને આટલી જલદી ફૂટી જવાની અપેક્ષા નહોતી, તો ફૂટી જતાં દુઃખનું કારણ બન્યું પણ ફૂલો માટે આવી અપેક્ષા નહોતી એટલા માટે તે દુઃખનું કારણ ના બન્યું. એનો મતલબ સાફ છે કે જેના માટે જેટલી અપેક્ષા વધારે, એના તરફથી દુઃખ પણ વધારે અને જેટલી અપેક્ષા ઓછી, એ માટે એટલું દુઃખ પણ ઓછું. એટલે ખુશ રહો, સ્વસ્થ રહો, મસ્ત રહો.

## સૌથી મૂલ્યવાન નિધિ

વિષ્ણુજીના વૈકુંઠધામમાં ભીડ થઈ હતી. પ્રભુએ સંકલ્પ કર્યો હતો કે તે પોતાના ધામમાં કોઈને ખાલી હાથ નહીં જવા દે. બધાં લોકો એમની પાસેથી ભિન્ન ભિન્ન સંપત્તિ માંગતાં હતાં. વૈકુંઠનો ખજાનો ખાલી થતો જોઈને મહાલક્ષ્મીએ વિષ્ણુજીને પૂછ્યું, 'હે પ્રભુ ! આપ આ સારી સંપત્તિ મફતમાં લૂંટાવી દેશો તો વૈકુંઠમાં શું બચશે? અહીંના નિવાસી ક્યાં જશે, શું કરશે? લક્ષ્મીજીની વાત સાંભળીને વિષ્ણુજી પ્રસન્નતાપૂર્વક બોલ્યા દેવી! આપ ચિંતા ન કરો. સર્વ કાંઈ લૂંટાવવા છતાં પણ એક નિધિ રહી ગઈ છે, જે મારી પાસે સદા સુરક્ષિત રહે છે. એને અહીં ઉપસ્થિત નર, કિન્નર, ગંધર્વ, તે નિધિ છે 'મનની શાંતિ'. તે

(અનુસંધાન પેજ નં. 27 પર)

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં નવેમ્બર-૨૦૨૧ માસની શબ્દાવલી : ભાગ-૧૨ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી : ભાગ-૧૩ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં નવાવર્ષના જાન્યુઆરી-૨૦૨૨ના અંકમાં સંગમયુગની શબ્દાવલી : ભાગ-૧૩ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૩

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | ■ | 3 | | | 4 | ■ | 5 |
| 6 | | ■ | 7 | | ■ | ■ | 8 | | |
| | ■ | ■ | | ■ | 9 | | ■ | ■ | |
| 10 | 11 | 12 | | 13 | | ■ | ■ | 14 | |
| 15 | | | ■ | 16 | | ■ | 17 | | |
| ■ | ■ | | ■ | 18 | | | | ■ | ■ |
| 19 | 20 | | 21 | ■ | 22 | ■ | 23 | 24 | 25 |
| 26 | | | | ■ | ■ | 27 | ■ | 28 | |
| ■ | | ■ | 29 | | 30 | ■ | 31 | | |
| 32 | | | | ■ | 33 | | | | ■ |

### આડી ચાવીઓ:-

૧. બાબા હી મેરા ..... હૈ (૩)
૩. વર્ષનો છેલ્લો મહિનો (૪)
૬. .....ની ચીકી (૨)
૭. રગ (૨)
૮. સુરક્ષાનું ..... (૩)
૯. કનૈયો (૨)
૧૦. ૨૭મી ડિસે. યજ્ઞના એક આદિરત્નનો સ્મૃતિદિવસ (૬)
૧૪. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી (૨)
૧૫. દર્શન (૩)
૧૬. કસરત કરવા માટેની જગ્યાનું આધુનિક નામ (૨)
૧૭. એક દિશા (૩)
૧૮. એક બંગાળી મિઠાઈ (૪)
૧૯. અંતિમ સમયે ..... સ્થિતિ (૪)
૨૨. ઝાડને અંગ્રેજીમાં શું કહેવાય? (૧)
૨૩. બાપ ..... બનો (૩)
૨૬. પ્રશ્ન, મૂંઝવણ (૪)
૨૭. અલ્ફ ઔર .... (૧)
૨૮. દુ:ખ (૨)
૨૯. હમ બચ્ચે ..... કે શૉપીસ હૈ (૨)
૩૧. દશ વર્ષનો સમયગાળો (૩)
૩૨. નાતાલમાં બાળકોને ગીફ્ટ આપનાર (૪)
૩૩. રજાનો દિવસ (૪)

### ઊભી ચાવીઓ:-

૧. ૧૩ ડિસે. યજ્ઞની મહાન વિભૂતિનો સ્મૃતિદિવસ (૫)
૨. વર્ષને હિન્દીમાં ..... કહેવાય (૨)
૩. થાળી, પ્લેટ (૨)
૪. કર શબ્દને ઉંધો લખો (૨)
૫. આબુમાં આવેલ એક મંદિર (૫)
૭. સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ (૪)
૯. નાતાલનું પવિત્ર વૃક્ષ (૫)
૧૧. પિતાના પિતા (૨)
૧૨. પગની ધૂળ (૫)
૧૩. સંગમ પર હર સમય હજુર ..... (૩)
૧૪. ....., પિત, કફ (૨)
૧૭. આનંદ, મોજ (૩)
૧૯. કક્કો બારાખડીના વ્યંજનનો પહેલા સાતમો પછી છઠ્ઠો અક્ષર અનુક્રમે લખો (૨)
૨૦. પશ્ચિમ બંગાળનું એક મોટું શહેર (૪)
૨૧. ..... ફાધર (૪)
૨૪. ગુજરાતી કેલેન્ડરનો બીજો મહિનો (૪)
૨૫. આટે મેં ..... જીતના (૩)
૩૦. શાળાના શિક્ષકને ..... પણ કહેવાય (૨)
૩૧. મેડીસીનનું ગુજરાતી અનુવાદ (૨)

## શબ્દાવલી ભાગ-૧૨ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 સં | 2 દે | શી | 3 દા | 4 દી | ■ | 5 ન | 6 વ | યુ | 7 ગ |
| 8 ગી | વ | ■ | 9 ન | વા | ■ | 10 વ | ર | ■ | ર |
| 11 ત | દિ | 12 ઉ | ■ | ળી | ■ | 13 રા | સ | ■ | બા |
| ■ | 14 વા | ર | સો | ■ | ■ | ત્રી | ■ | 15 શ | ■ |
| 16 ઓ | ળી | ■ | ■ | ■ | 17 નિ | ■ | 18 તે | ર | 19 સ |
| લ | ■ | 20 ગાં | 21 ધી | જ | યં | 22 તી | ■ | 23 દ | ર |
| 24 રા | 25 હી | ■ | ર | ■ | 26 તા | લ | ■ | 27 પૂ | લ |
| 28 ઉ | ના | ■ | 29 જ | 30 ગ | ■ | ■ | 31 વ | ન | ■ |
| ન્ડ | ■ | 32 અ | ■ | 33 લા | 34 ભ | પાં | ચ | મ | ■ |
| 35 ર | ક્ષ | ક | ■ | 36 લ | ય | ■ | ન | ■ | ■ |

**Gyan Amrit** Vol.14 | Issue 12 | December 2021| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



સુખશાંતિ ભવન, અમદાવાદ ખાતે આયોજીત ગુજરાત ઝોનની બેઠકમાં વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ, લંડન દ્વારા કોરોના મહામારીના સમયે જનજાગૃતિ અને માનવસેવા હેતુ ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદીને 'સર્ટિફીકેટ ઑફ કમીટમેન્ટ (સ્વીટ્ઝરલેન્ડ)' દ્વારા સન્માનીત કરતાં WBRના રાષ્ટ્રીય સચિવ ડૉ. દીપક હરકે, ઓમશાંતિ મીડીયાના સંપાદક બ્ર.કુ. ગંગાધરભાઈ, બ્ર.કુ. દમયંતીબેન, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. શારદાબેન તથા સભામાં ઉપસ્થિત વરિષ્ઠ બ્રહ્માકુમાર ભાઈ–બહેનો.



ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના નવનિયુક્ત સોશીયલ જસ્ટીસ અને એમ્પાવરમેન્ટ ખાતાના કેબીનેટ મંત્રી ભ્રાતા પ્રદીપસિંહ પરમારને શુભેચ્છા આપતાં બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. તારાબેન, બ્ર.કુ. કૃપલબેન તથા બ્ર.કુ. ભરતભાઈ.



રાજકોટ ખાતે ગુજરાત સરકારના નવનિયુક્ત વાહન વ્યવહાર, પ્રવાસ અને યાત્રાધામ વિકાસના રાજયકક્ષાના મંત્રી ભ્રાતા અરવિંદભાઈ રૈયાણીને શુભેચ્છા સાથે ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. રેખાબેન, બ્ર.કુ. કૈલાસબેન બાજુમાં અન્ય આગેવાનો.



સીમલા ખાતેના સુન્ની સેવાકેન્દ્રના ૩જા વાર્ષિક ઉત્સવ કાર્યક્રમમાં BJPના રાજ્ય કારોબારી સભ્ય ડૉ. પ્રમોદ શર્માને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. શકુંતલાબેન, બ્ર.કુ. પ્રકાશભાઈ.



કિલ્લા પારડીમાં ગુજરાત સરકારના નવનિયુક્ત નાણાં, ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગના કેબીનેટ મંત્રી ભ્રાતા કનુભાઈ દેસાઈને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. પારૂલબેન, બ્ર.કુ. મીનલબેન તથા બ્ર.કુ. વિનુભાઈ.

**If Undelivered Please Return To :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com